રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 251 | Dt. 22-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

ડ્રગ્સમુક્ત ભારતનું વચન આપતા શાહ

૨૦૨૯ની ૩૧ ડીસેમ્બર સુધીમાં અમે ડ્રગ્સની સમસ્યાનો અંત લાવીશું : કેન્દ્રીય ગૃહમંત્રી

નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે દેશને નશામુક્ત બનાવવા માટે મોટો સંકલ્પ જાહેર કર્યો છે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં તેમણે જણાવ્યું કે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધી ભારતમાંથી ડ્રગ્સની સમસ્યાને નાબૂદ કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે. આ મિશનને સફળ બનાવવા માટે તેમણે દેશભરના પોલીસ દળો, સુરક્ષા એજન્સીઓ અને નાગરિકોને એકજૂથ થઈને કામ કરવાની અપીલ કરી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે દેશને નશામુક્ત બનાવવા માટે મોટો સંકલ્પ જાહેર કર્યો છે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં તેમણે જણાવ્યું કે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધી ભારતમાંથી ડ્રગ્સની સમસ્યાને નાબૂદ કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે. આ મિશનને સફળ બનાવવા માટે તેમણે દેશભરના પોલીસ દળો, સુરક્ષા એજન્સીઓ અને નાગરિકોને એકજૂથ થઈને કામ કરવાની અપીલ કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે ચેતવણી આપી કે નશીલા પદાર્થો માત્ર યુવાનોનું ભવિષ્ય બરબાદ કરતા નથી, પરંતુ દેશની અર્થવ્યવસ્થા અને રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ ગંભીર પડકાર ઊભો કરે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે બુધવારે નવી દિલ્હીના રાષ્ટ્રીય પોલીસ સ્મારક ખાતે આયોજિત કાર્યક્રમને સંબોધ્યો હતો. આ દરમિયાન તેમણે ડ્રગ્સ વિરુદ્ધની લડાઈને વધુ અસરકારક બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધી દેશમાંથી નશીલા પદાર્થોની સમસ્યાને દૂર કરવાનો નિર્ધાર કર્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ લક્ષ્ય હાંસલ કરવા માટે તમામ પોલીસ દળો અને સંબંધિત એજન્સીઓએ સંકલિત પ્રયાસો કરવા પડશે. ગૃહમંત્રીએ વર્ષ ૨૦૨૬ના બાકી રહેલા સમય ઉપરાંત ૨૦૨૭, ૨૦૨૮ અને ૨૦૨૯ દરમિયાન ડ્રગ્સ સામે નિર્ણાયક લડત ચલાવવાનું આહ્વાન કર્યું હતું.

ગૃહમંત્રીએ દેશના તમામ રાજ્યોનાં પોલીસ દળો અને સુરક્ષા એજન્સીઓને નશામુક્ત ભારત અભિયાન માં સંપૂર્ણ સમર્પણ સાથે જોડાવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે ડ્રગ્સનું દૂષણ કોઈ એક રાજ્ય કે વિસ્તાર પૂરતું મર્યાદિત નથી. તેની અસર દેશના યુવાનો, પરિવારો અને સમગ્ર સમાજ પર પડે છે. તેથી આ સમસ્યાનો સામનો કરવા માટે રાષ્ટ્રીય સ્તરે સંકલિત કામગીરી જરૂરી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે કહ્યું કે પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ નશીલા પદાર્થોના ગેરકાયદેસર વેપાર સામે કાર્યવાહી કરવાની સાથે આવનારી પેઢીઓને નશાની હાનિકારક અસરોથી બચાવવા માટે પણ કામ કરવું પડશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે ડ્રગ્સની



સમસ્યાને દેશ માટે ગંભીર પડકાર ગણાવી હતી. તેમના જણાવ્યા પ્રમાણે નશીલા પદાર્થોનું સેવન યુવા પેઢીના સ્વાસ્થ્ય અને ભવિષ્યને નુકસાન પહોંચાડે છે. આ ઉપરાંત નશીલા પદાર્થોનો ગેરકાયદેસર વેપાર (ઉીલિ ઝફિરરશભસશક્ષલ) દેશની અર્થવ્યવસ્થા પર પણ બોજ ઊભો કરે છે. ખાસ કરીને ગેરકાયદેસર ડ્રગ્સના નેટવર્ક દ્વારા મળતા નાણાં દેશવિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા સંગઠનો સુધી પહોંચી શકે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે ડ્રગ્સની સમસ્યાનો સામનો માત્ર કાયદો અને વ્યવસ્થાની દૃષ્ટિએ નહીં, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા અને ભાવિ પેઢીઓના રક્ષણના મુદ્દા તરીકે કરવો જરૂરી છે.

નશામુક્ત ભારતના લક્ષ્યને હાંસલ કરવા માટે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૬થી ૨૦૨૯ સુધીનો વિશેષ રોડમેપ તૈયાર કર્યો છે. આ યોજનામાં ડ્રગ્સની હેરાફેરી અટકાવવી, ગેરકાયદેસર નેટવર્કને તોડવાં, નશીલા પદાર્થોની માંગ ઘટાડવી અને નશાની લત ધરાવતા લોકોને સારવાર તથા પુનર્વસનની સુવિધા ઉપલબ્ધ કરાવવી જેવા મુદ્દાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારના વિઝન ડોક્યુમેન્ટ માં ચાર મુખ્ય સ્તંભો, ૨૫ ઘટકો અને ૨૦૦થી વધુ એક્શન પોઈન્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત યુવાનોમાં જાગૃતિ વધારવા, શાળા-કોલેજોને નશા સામેના અભિયાનમાં જોડવા અને સારવાર તથા પુનર્વસન સુવિધાઓનો વ્યાપ વધારવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. સરકારનું લક્ષ્ય જનજાગૃતિ અભિયાન દ્વારા દેશના ૫૦ કરોડ લોકો સુધી પહોંચવાનું છે.નશામુક્ત ભારતનો સંકલ્પ જાહેર કરવાની સાથે અમિત શાહે દેશની સુરક્ષા માટે ફરજ દરમિયાન શહીદ થયેલા પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું કે આઝાદી પછી અત્યાર સુધીમાં દેશના ૩૬,૮૫૨ પોલીસકર્મીઓએ ફરજ બજાવતાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે. તેમાં આ વર્ષના ૧૫૪ શહીદ પોલીસકર્મીઓનો પણ સમાવેશ થાય છે.

ગૃહમંત્રીએ શહીદ પોલીસકર્મીઓના પરિવારો પ્રત્યે આભાર અને એકતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે દેશ તેમના ત્યાગ અને બલિદાનને ક્યારેય ભૂલી શકશે નહીં. ભારતમાં દર વર્ષે ૨૧ ઓક્ટોબરે પોલીસ સ્મૃતિ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસનો ઇતિહાસ વર્ષ ૧૯૫૯ની એક કરુણ ઘટના સાથે જોડાયેલો છે. ૨૧ ઓક્ટોબર, ૧૯૫૯ના રોજ લદ્દાખના હોટ સ્પ્રિંગ્સ વિસ્તારમાં ચીની સૈનિકોના હુમલામાં ભારતના ૧૦ પોલીસ જવાનોએ પોતાના જીવનું બલિદાન આપ્યું હતું.

શહીદોના સન્માનમાં દર વર્ષે ૨૧ ઓક્ટોબરે પોલીસ સ્મૃતિ દિવસ ઉજવવામાં આવે છે. દેશની આંતરિક સુરક્ષા અને એકતા જાળવવામાં પોલીસ દળોના યોગદાનને યાદ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના ચાણક્યપુરી ખાતે રાષ્ટ્રીય પોલીસ સ્મારક દેશને સમર્પિત કર્યું હતું.

નશામુક્ત ભારત માટે સામૂહિક પ્રયાસો પર ભાર

ગૃહમંત્રી અમિતભાઈ શાહની આ જાહેરાત સાથે કેન્દ્ર સરકારના નશામુક્ત ભારત અભિયાનને વધુ વેગ આપવાનો સંકલ્પ વ્યક્ત થયો છે. સરકારની વ્યૂહરચના અનુસાર, ડ્રગ્સના ઉત્પાદન અને ગેરકાયદેસર વેપાર પર નિયંત્રણની સાથે જાગૃતિ, સારવાર અને પુનર્વસન પણ મહત્વપૂર્ણ રહેશે. આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો, પોલીસ દળો તથા સમાજના સહયોગને જરૂરી ગણાવામાં આવ્યો છે. જોકે, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધી ભારતને ડ્રગ્સમુક્ત બનાવવું એ સરકારનું જાહેર કરેલું લક્ષ્ય છે. આ લક્ષ્ય કેટલું હાંસલ થશે તે આગામી વર્ષોમાં યોજનાના અમલીકરણ અને તેના પરિણામો પરથી સ્પષ્ટ થશે.

દેશવ્યાપી આંદોલનમાં અભિજિત દીપકે અને પ્રકાશ રાજ સાથે મંચ પર જોવા મળશે

નિર્મલા સીતારામનના પતિ CJPના મેદાનમાં!

નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનના પતિ અને જાણીતા અર્થશાસ્ત્રી પરકલા પ્રભાકર ફરી એકવાર મોદી સરકાર વિરુદ્ધ મોરચો માંડવા જઈ રહ્યા છે. તેઓ કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજિત દીપકે અને જાણીતા અભિનેતા-કાર્યકર્તા પ્રકાશ રાજ સાથે આગામી ૨૩ ઑક્ટોબરના રોજ એક જ મંચ પર જોવા મળશે. આ દેશવ્યાપી વિરોધ પ્રદર્શન 'પીપલ અગેઇન્સ્ટ SIR' ગઠબંધન દ્વારા SIR પ્રક્રિયાના વિરોધમાં આયોજિત કરવામાં આવી રહ્યું છે, જેમાં સામેલ થઈને નેતાઓ SIR રદ્દ કરવાની તેમજ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરશે.

સરકારની નીતિઓના પ્રખર આલોચક રહેલા પરકલા પ્રભાકરે આ દેશવ્યાપી પ્રદર્શનમાં જોડાવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર પોસ્ટ કરીને લોકોને અપીલ કરી છે. તેમણે લખ્યું કે, 'હર ગલી में જંતર-મંતર! શુક્રવાર, ૨૩



ઑક્ટોબર-૨૦૨૬. લોકશાહીની પુનઃસ્થાપના માટે જન માર્ચ. આવો, આપણે સૌ આ પડકારનો સામનો કરીએ.'આ પ્રદર્શનમાં AISA ના અધ્યક્ષ નેહા બોરા, CJP ના સ્થાપક અભિજિત દીપકે સહિત દેશભરના અનેક સામાજિક કાર્યકરો અને જાણીતી હસ્તીઓ જોડાશે. અગાઉ ૮ ઑક્ટોબરે બેંગલુરુના ફ્રીડમ પાર્કમાં યુટ્યુબર ધ્રુવ રાઠી અને પ્રકાશ રાજ સાથે પણ પ્રભાકરે CJP ના વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

આંધ્રપ્રદેશના નરસપુરમમાં જન્મેલા પરકલા પ્રભાકર વ્યવસાયે જાણીતા રાજકીય અર્થશાસ્ત્રી છે. દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU) માં અભ્યાસ દરમિયાન તેમની મુલાકાત નિર્મલા સીતારામન સાથે થઈ હતી. બંનેની રાજકીય વિચારધારાઓ એકબીજાથી તદ્દન અલગ હોવા છતાં તેમણે વર્ષ ૧૯૮૬ માં લગ્ન કર્યા હતા. નિર્મલા સીતારામન લાંબા સમયથી ભાજપ સાથે સંકળાયેલા હોવા છતાં, પ્રભાકર સત્તાધારી પક્ષની નીતિઓના કટ્ટર ટીકાકાર રહ્યા છે. તેમણે પોતાના પુસ્તક 'ધ ક્રૂક્ડ ટિમ્બર ઓફ ન્યૂ ઇન્ડિયા' માં નોટબંધી જેવા સરકારી નિર્ણયોની આકરી ટીકા કરી હતી તેમજ દેશમાં વધતી બેરોજગારી અને લોકશાહી સંસ્થાઓના નબળા પડવા અંગે સવાલો ઉઠાવ્યા હતા.

પરકલા પ્રભાકરની ટૂંકી રાજકીય સફર પણ ખૂબ ચર્ચાસ્પદ રહી છે. તેમની રાજકીય ઇનિંગ વર્ષ ૨૦૦૯ માં શરૂ થઈ હતી, જ્યારે તેઓ અભિનેતા ચિરંજીવી દ્વારા રચાયેલી 'પ્રજા રાજ્યમ પાર્ટી' માં જોડાયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૮ સુધી તેમણે મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુના નેતૃત્વ હેઠળની આંધ્રપ્રદેશ સરકારમાં કમ્યુનિકેશન એડવાઈઝર તરીકે મહત્વની જવાબદારી સંભાળી હતી. જોકે, એપ્રિલ ૨૦૧૮માં TDPએ NDA સાથે છેડો ફાડ્યો તે પછી વિપક્ષે આક્ષેપો કર્યા કે તેમના પરિવારના સભ્ય (નિર્મલા સીતારામન) કેન્દ્રમાં હોવાથી રાજ્યના હિતો જોખમાઈ શકે છે, જેના પગલે તેમણે અચાનક પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

સાઉદીની અરેબિયાની મક્કા મસ્જિદમાં કથિત અશ્લીલ હરકત કરતા પકડાયેલા દંપતીને ફાંસી

ઈસ્લામિક કાયદાના 'તાજીર' સિદ્ધાંત હેઠળ સજા આપવામાં આવી

નવી દિલ્હી, તા.૨૧

સાઉદી અરેબિયામાં મક્કાની એક મસ્જિદમાં કથિત 'અશ્લીલ કૃત્ય' કરવાના આરોપમાં ૨ બાંગ્લાદેશી નાગરિકોને ફાંસી આપવામાં આવી હતી. આ ઘટના થયા બાદ બંને દેશો વચ્ચે રાજદ્વારી ચર્ચા તેજ બની છે. બાંગ્લાદેશ સરકારનું કહેવું છે કે તેને આ કાર્યવાહી અંગે અગાઉથી કોઈ જાણ કરવામાં આવી નહોતી. ઘટનાની જાણ થયા બાદ ઢાકાએ સાઉદી અરેબિયા સરકારનો સંપર્ક કરીને સમગ્ર મામલે વિગતવાર માહિતી માગી છે. ધાર્મિક સમાનતા અને મજબૂત આર્થિક સંબંધો ધરાવતા બંને દેશો વચ્ચે આ ઘટનાએ ચિંતા ઊભી કરી છે.

સાઉદી અરેબિયાના ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ગયા બુધવારે એટલે કે ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ એક બાંગ્લાદેશી પુરુષ અને મહિલાને ફાંસી આપવામાં આવી



હતી. બંનેને મક્કાની એક મસ્જિદમાં 'અશ્લીલ કૃત્ય' કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. જોકે, સત્તાધીશોએ આ કૃત્ય ખરેખર શું હતું તેની સ્પષ્ટ વિગતો જાહેર કરી નથી.સાઉદી અરેબિયાની સરકારી સમાચાર એજન્સી સાઉદી પ્રેસ એજન્સીએ બંનેની ઓળખ નજરુલ ઇસ્લામ અબ્દુલ બશીર અને સ્વીટી અખ્તર તરીકે આપી હતી. આ મામલે બંનેને 'તાજીર' હેઠળ દોષિત ઠેરવીને મૃત્યુદંડ આપવામાં આવ્યો હતો.

બાંગ્લાદેશના વિદેશ બાબતોના રાજ્યમંત્રી શમા ઓબૈદ ઇસ્લામે જણાવ્યું કે, તેમના દેશના વિદેશ મંત્રાલય અથવા સાઉદી અરેબિયામાં આવેલા બાંગ્લાદેશી રાજદ્વારી મિશનને ફાંસી પહેલાં આ કાર્યવાહી અંગે કોઈ જાણ કરવામાં આવી નહોતી. તેમણે કહ્યું કે બાંગ્લાદેશને ૧૪ ઓક્ટોબરે જ બંને નાગરિકોને ફાંસી આપવામાં આવી હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ સરકારે સાઉદી અરેબિયાનો સંપર્ક કરીને આરોપો, ન્યાયિક કાર્યવાહી અને મૃત્યુદંડનાં કારણો અંગે વિગતવાર સ્પષ્ટતા માગી છે. શમા ઓબૈદ ઇસ્લામે જણાવ્યું કે સાઉદી અરેબિયા સાથે બાંગ્લાદેશના સંબંધો સારા છે, ખાસ કરીને નવી સરકાર સત્તામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધો મહત્ત્વ ધરાવે છે. જોકે, ઢાકા હજુ રિયાધ તરફથી સંપૂર્ણ માહિતી મળવાની રાહ જોઈ રહ્યું છે.

આ મામલે બાંગ્લાદેશના રાજદ્વારી અધિકારો અને આંતરરાષ્ટ્રીય નિયમો અંગે પણ સવાલો ઊભા થયા છે. જ્યારે શમા ઓબૈદ ઇસ્લામને પૂછવામાં આવ્યું કે શું સાઉદી અરેબિયાએ 'વિયેના કન્વેન્શન ઓન કોન્સ્યુલર રિલેશન્સ' હેઠળની જવાબદારીઓનું ઉલ્લંઘન કર્યું છે, ત્યારે તેમણે સાવચેતીભર્યો જવાબ આપ્યો હતો.તેમણે કહ્યું કે સરકારને હજુ સુધી સમગ્ર ઘટનાની વિગતો મળી નથી. બાંગ્લાદેશી મિશનને ઘટનાનો સમય, તેની પરિસ્થિતિ અને કાર્યવાહી અંગે અગાઉથી કોઈ માહિતી આપવામાં આવી નહોતી. તેથી સંપૂર્ણ માહિતી પ્રાપ્ત થયા પહેલાં આ મુદ્દે કોઈ નિષ્કર્ષ પર પહોંચવું યોગ્ય નહીં હોય.

સાચું હોય તો શરમજનક : નારી-બાળ સંરક્ષણગૃહની સ્થિતિ કથળી!

હાઇકોર્ટમાં PILની સુનાવણી વચ્ચે સરકારે રજૂ કર્યો રિપોર્ટ : વધુ સુનાવણી બીજી ડિસેમ્બર પર મુકરર કરાઈ

નવી દિલ્હી, તા. ૨૧

રાજ્યભરમાં આવેલા નારી સંરક્ષણગૃહ અને બાળ સુરક્ષા ગૃહની સતત કથળતી જતી સ્થિતિ મામલે ગુજરાત હાઇકોર્ટ સમક્ષ એક વર્ષો જૂની જાહેરહિતની અરજી એટલે કે પીઆઈએલ ચાલી રહી છે. આ અત્યંત સંવેદનશીલ મુદ્દે આજે ૨૧ ઓક્ટોબરના રોજ હાઇકોર્ટમાં મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે હાઇકોર્ટે અગાઉ નારી સંરક્ષણ ગૃહોના સુધારા માટે જે કડક નિર્દેશો આપ્યા હતા, તેના પાલન અને વર્તમાન સ્થિતિ અંગે વિગતવાર સોગંદનામું રજૂ કર્યું હતું. રાજ્ય સરકારે રજૂ કરેલા આ રિપોર્ટમાં અંદાજિત ૧૨ થી ૧૫ જિલ્લાઓમાં કાર્યરત નારી સંરક્ષણગૃહોની ભૌતિક સ્થિતિ અને ત્યાં ઉપલબ્ધ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અંગેનો ચિતાર રજૂ કરવામાં આવ્યો છે. અગાઉની સુનાવણીમાં હાઇકોર્ટે આદેશ કર્યો હતો કે દરેક જિલ્લાના કલેક્ટર સાથે વ્યક્તિગત બેઠક કરીને પરિસ્થિતિનો તાગ મેળવવામાં આવે. આ આદેશના પાલન સ્વરૂપે સરકારે કોર્ટને માહિતગાર કરી છે કે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો સાથે બેઠકોનો દોર પૂર્ણ કરી લેવામાં આવ્યો છે અને તેના આધારે જ આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

આ કેસમાં અરજદાર દ્વારા કોર્ટ સમક્ષ અત્યંત મહત્વની રજૂઆતો કરવામાં આવી હતી. અરજદારે કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે હાઇકોર્ટે અગાઉ સ્ટેટ લીગલ ઓથોરિટીને દર મહિને નારી સંરક્ષણગૃહોની નિયમિત મુલાકાત લેવા માટે સ્પષ્ટ આદેશ કર્યો હતો. આ મુલાકાતોનો મુખ્ય હેતુ એ ચકાસવાનો હતો કે સંરક્ષણગૃહની અંદર રહેતી મહિલાઓ અને બાળકો માટે કેવી સગવડો ઉપલબ્ધ છે અને તેમની સુરક્ષા માટે કેવા પ્રકારની સઘન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત, આશ્રિતોના પુનઃ ઉત્થાન અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે સારા શિક્ષકો તેમજ યોગ્ય વ્યક્તિઓની નિમણૂક અંગે સરકારે શું નક્કર પગલાં લીધા છે, તે અંગે નવેસરથી તમામ નારી સંરક્ષણગૃહોની તટસ્થ તપાસ કરાવવા માટે દાદ માંગવામાં આવી છે. હાઇકોર્ટે બંને પક્ષોની રજૂઆતો સાંભળ્યા બાદ આ મામલે વધુ સુનાવણી આગામી બીજી ડિસેમ્બરના રોજ મુકરર કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૪ માં અમદાવાદના ઓઢવ ખાતે આવેલા નારી સંરક્ષણ ગૃહમાંથી ૯ યુવતીઓ ભાગી જવાની ચોંકાવનારી ઘટના બની હતી. આ ઘટના બાદ થયેલી જાહેરહિતની અરજી પર સુનાવણી કરતા ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકારને નવા અને આધુનિક નિયમો બનાવવા માટે આદેશ કર્યો હતો, જેનું સરકારે ત્યારબાદ કાયદેસર રીતે નોટિફિકેશન પણ બહાર પાડ્યું હતું. આ નવા નિયમોમાં સૌથી મહત્વની બાબત એ સુનિશ્ચિત કરવામાં આવી છે કે કોઈ પણ પુખ્ત વયની મહિલાને તેની ઇચ્છા વિરુદ્ધ નારી સંરક્ષણ ગૃહમાં ગોંધી રાખી શકાય નહીં. ભારતીય બંધારણના આર્ટિકલ ૨૧ અનુસાર સ્વતંત્રતાપૂર્વક જીવવું એ તેમનો બંધારણીય અને મૂળભૂત અધિકાર છે. જો કોઈ પુખ્ત વયની મહિલા સંરક્ષણ ગૃહમાંથી મુક્ત થવા માંગતી હોય, તો સંબંધિત મેજિસ્ટ્રેટે કાયદાકીય જોગવાઈ મુજબ તેને તરત જ મુક્ત કરવી પડે છે.

શિક્ષણ અને રોજગારલક્ષી તાલીમની જોગવાઈઓ

જે યુવતીઓ એક વર્ષથી વધુ સમય માટે નારી સંરક્ષણ ગૃહમાં રહેવાની હોય, તેમના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે તેમને સ્થાનિક સ્કૂલ કે કોલેજમાં ફરજિયાત એડમિશન અપાવવાની જોગવાઈ કરવામાં આવી છે. જરૂર પડે તો દૂરસ્થ શિક્ષણ એટલે કે ડિસ્ટન્સ લર્નિંગ અને પીડિયો કોન્ફરન્સના માધ્યમથી પણ અભ્યાસ કરાવવાનો નિર્દેશ છે. વોકેશનલ ટ્રેનિંગ અંતર્ગત આશ્રિત મહિલાઓને માત્ર ઘરકામ જ નહીં, પરંતુ ભવિષ્યમાં સ્વાવલંબી અને આત્મનિર્ભર બની શકે તે માટે કોમ્પ્યુટર ક્લાસ, સ્કિલ અપગ્રેડેશન અને વોકેશનલ ગાઇડન્સ આપવું અત્યંત જરૂરી હોવાનું ઠરાવવામાં આવ્યું છે.

આરોગ્ય અને માનસિક સ્વાસ્થ્યની દરકાર

નારી સંરક્ષણ ગૃહમાં રહેતી ગર્ભવતી મહિલાઓ અને પોતાના નાના બાળક સાથે રહેતી માતાઓના સ્વાસ્થ્યને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેમના માટે પૌષ્ટિક આહાર અને હેલ્થ એક્સપર્ટની સીધી દેખરેખ અને સલાહ હેઠળ ભોજન પૂરું પાડવાની વ્યવસ્થા અનિવાર્ય છે. સંરક્ષણ ગૃહની દરેક યુવતીને ઓછામાં ઓછી ચાર જોડી સારા કપડાં અને રોજિંદા જીવનમાં ઉપયોગી જરૂરી સામાન પૂરો પાડવાનો રહેશે. મહિલાઓના ઇમોશનલ અને મેન્ટલ હેલ્થને સાચવવા માટે અનુભવી મહિલા સાયકોલોજિસ્ટ કે કાઉન્સેલર દ્વારા સમયાંતરે તેમનું યોગ્ય કાઉન્સેલિંગ થાય તે પણ આ નિયમોનો એક અગત્યનો ભાગ છે.

વ્યવસ્થાપન માટે સ્ટેટ લેવલ સ્ટીયરિંગ કમિટીની રચના

આ તમામ વ્યવસ્થાઓનું સુચારુરૂપે સંચાલન અને દેખરેખ થાય તે માટે એક મજબૂત વ્યવસ્થાપન કમિટીની રચના કરવા પણ સૂચવાયું છે. જેમાં ૧૨ સભ્યોની સ્ટેટ લેવલ સ્ટીયરિંગ કમિટી બનાવવાની જોગવાઈ છે. આ કમિટીના અધ્યક્ષ તરીકે ડબલ્યુસીડી સેક્રેટરી રહેશે. કમિટીના અન્ય મહત્વના સભ્યોમાં પોલીસ વિભાગના અધિકારી, આરોગ્ય વિભાગના પ્રતિનિધિ, વડોદરાની એમ એસ યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીના સોશિયલ વર્ક વિભાગના નિષ્ણાતો સામેલ રહેશે. આ ઉપરાંત, ડીએલએસએ અધિકારી, એનજીઓ પ્રતિનિધિ, ક્લિનિકલ સાયકોલોજિસ્ટ અને નિવૃત્ત જજને પણ આ કમિટીમાં સ્થાન આપવાનું સ્પષ્ટ જણાવાયું છે.







શહેર પોલીસ હેડક્વાર્ટર હેડક્વાર્ટર ખાતે પોલીસ શહીદ દિવસની ઉજવણી: શ્રધ્ધાંજલી અપાઈ

રાજકોટ, તા.૨૧

દેશની આંતરિક સુરક્ષા, શાંતિ અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે પોતાના પ્રાણની આહુતિ આપનારા વીર પોલીસ જવાનોની સ્મૃતિમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પોલીસ સંભારણા દિવસની અત્યંત ભાવુક અને ગૌરવપૂર્ણ માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. શહેરના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે યોજાયેલા આ ખાસ સ્મરણાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓએ શહીદોને ફુલહાર કરી શ્રધ્ધાંજલી આપી હતી. લદાખના હોટ સ્પ્રિંગ વિસ્તારમાં ૧૯૫૯ની ૨૧મી ઓક્ટોબરે દેશની સુરક્ષા માટે ચીનની આધુનિક હથિયારોથી સજજ ટુકડીનો હિંમતભેર સામનો કરી સીઆરપીએફના ૧૦ જાબાંઝ સૈનિકો શહીદ થયા હતા. તે દિવસની દેશભરમાં 'પોલીસ સંભારણા (શહીદ) દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ અંતર્ગત આજે સવારે રાજકોટ શહેર પોલીસ હેડ ક્વાર્ટરનાં શહીદ સ્મારક ખાતે દેશભરમાં શહીદ થયેલા પોલીસ જવાનો અને પેરામિલીટ્રી ફોર્સના જવાનોને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ શહીદ જવાનોને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ આપી સંબોધનમાં જણાવ્યું હતું કે- જે જવાનોએ પોતાની ફરજને જ સર્વસ્વ માનીને દેશ અને નાગરિકોની રક્ષા કાજે પોતાના અમૂલ્ય જીવ ન્યોછાવર કરી દીધા છે તેમનું ઋણ આખો સમાજ અને પોલીસ વિભાગ ક્યારેય ચૂકવી શકશે નહીં. શહીદ જવાનોના પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે, પરંતુ તેઓ ક્યારેય પોતાને એકલા ન સમજે. આખો પોલીસ પરિવાર હંમેશા તેમની પડખે ભો છે અને તેમને વિભાગ તરફથી સતત માનભેર હૂંફ અને સહયોગ મળતો રહેશે. પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આયોજિત આ શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં પોલીસ કમિશનરની સાથે એડી.પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી રાકેશ દેસાઈ, ડીસીપી હેતલ પટેલ, ટ્રાફિક ડીસીપી હરપાલસિંહ જાડેજા સહિતના તમામ ઝોનના ડીસીપી, એસીપી, પીઆઈ, પીએસઆઈ અને મોટી સંખ્યામાં પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શહીદોના સન્માનમાં હથિયાર નમાવીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું અને બે મિનિટનું મૌન પાળીને અમર શહીદોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. તમામ અધિકારીઓએ વારાફરતી શહીદ સ્મારક પર પુષ્પચક્ર અર્પણ કરીને વીર જવાનોની બહાદુરીને નમન કર્યા હતા. આ ઉપરાંત મવડી પોલીસ હેડક્વાર્ટર ખાતે 'પોલીસ સંભારણા દિવસ' નિમિત્તે એક ગરિમાપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

દારુ ભરેલી કાર સાથે જસદણનો શખ્સ ઝડપાયો

ક્રાઈમ બ્રાન્ચે જાગનાથ પ્લોટમાંથી કાર,૧૨૦ દારૂની બોટલો સાથે ૧૩.૧૩ લાખના મુદ્દામાલ સાથે ધાર્મિક દેસાણીને દબોચ્યો

રાજકોટ, તા.૨૧

રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ પર આવેલા જાગનાથ પ્લોટમાંથી ક્રાઈમ બ્રાન્ચ પોલીસે કિયા કેરેન્સ કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા, જસદણમાં આટકોટ રોડ પર બસ સ્ટેશન પાછળ, પરમાર આર્યન વાળી શેરીમાં રહેતા ધાર્મિક બાલકદાસ દેસાણીને ઝડપી લઈને ૧૩.૧૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડિશનલ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયાની સૂચના હેઠળ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓના માર્ગદર્શન તળે પીઆઇ એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર અને સી.એચ. જાદવના માર્ગદર્શનમાં પીએસઆઈ વી.ડી. ડોડિયાની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે એએસઆઈ અમિતકુમાર અગ્રાવત, હેડ કોન્સ્ટેબલ ધારાભાઈ વાનરીયા અને રાહુલભાઈ ગોહેલને બાતમી મળી હતી કે જાગનાથ પ્લોટ શેરી નંબર ૪૦ માં એક કારમાં દારૂનો જથ્થો છે.



બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ અને પીએસઆઈ ઉપરાંત એએસઆઈ દિગ્પાલસિંહ જાડેજા તેમજ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ જળુ અને પ્રદીપસિંહ જાડેજા સાથે જયરાજભાઈ કોટીલા, ગોપાલભાઈ બોળીયા, વિજુ ભા જાડેજા અને કોન્સ્ટેબલ રાજેશભાઈ પટેલે ટીમ બનાવી પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો. અહી જીજે ૦૧ ડબલ્યુકે ૪૦૪૪ કિયા કેરેન્સ નંબરની કારની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૨૦ બોટલ મળી આવી હતી. આ મામલે પોલીસે જસદણમાં આટકોટ રોડ પર બસ સ્ટેશન પાછળ પરમાર આર્યન વાળી શેરીમાં રહેતા ૨૫ વર્ષીય ધાર્મિક બાલકદાસ દેસાણીની ધરપકડ કરી છે.

પોલીસે પકડાયેલા શખ્સ પાસેથી ૧,૦૮,૦૦૦ની બ્લેન્ડર પ્રાઈડ અલ્ટ્રા પ્રીમિયમ વ્હિસ્કીની ૬૦ બોટલ, ૧,૧૧,૨૪૦ની બેલેન્ટાઈન ફાઈનેસ્ટ બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કીની ૩૬ બોટલ અને ૭૪,૧૬૦ની રેડ લેબલ બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કીની ૨૪ બોટલ કબ્જે કરી છે. દારૂની બોટલો સાથે પોલીસે ૨૦,૦૦૦ રૂપિયાનો આઈફોન, અને ૧૦,૦૦,૦૦૦ રૂપિયાની કિયા કેરેન્સ કાર મળીને ૧૩,૧૩,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જમ કર્યો છે. આરોપી ધાર્મિક દેસાણી અગાઉ ૨૦૧૭ માં જસદણ પોલીસ સ્ટેશનમાં મારામારી અને ૨૦૨૧ માં અમરેલીના ધારી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના કેસમાં પકડાઈ ચૂક્યો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. ડીસીબી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ ગુનો દાખલ કરીને આગળની તે ક્યાંથી દારુ લાવ્યો ? અને કોને આપવા જતો હતો ? વિગેરે માહિતી ઓકાવવા તેમને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

માંસના ટુકડા મળી આવ્યા; માંસ ગૌમાંસ છે કે કેમ તેની પોલીસ તપાસ શરૂ કરાઈ

ભીમનગર સર્કલ પાસે ગૌમાંસ વેચાતું હોવાની આશંકાએ તપાસ

રાજકોટ, તા.૨૧

રાજકોટ શહેરના ભીમનગર સર્કલ પાસે આવેલી બાબા સાહેબ આંબેડકરની મૂર્તિ નજીકની આયશા ચિકનની દુકાનમાં ગૌમાંસનું વેચાણ થતું હોવાની આશંકાએ રાજકોટ તાલુકા પોલીસે તપાસ શરૂ કરી છે. આજી ડેમ પાસે જીઓના ટાવર નજીક રામપાર્ક સોસાયટી શેરી નંબર ૦૨ માં રહેતા જયેન્દ્ર ચંદવાણીયાને ખાનગી રાહે બાતમી મળી હતી કે આયશા ચિકનની દુકાનમાં ગૌમાંસ વેચાઈ રહ્યું છે. આ ખાનગી માહિતીના આધારે તેઓએ પોલીસ કંટ્રોલ રૂમ ૧૧૨ માં ફોન કરીને જાણ કરી હતી. દુકાનમાંથી મળી આવેલો આ માંસનો જથ્થો ખરેખર ગૌમાંસ છે કે નહીં તે અંગે સઘન તપાસ કરવા માટે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતા વધુ તપાસ પીએસઆઈ એમ.એચ મહારાજએ હાથ ધરી છે.

યુવતી અને પરિણીતા બે વર્ષના બાળક સાથે ગુમ

મનહર પ્લોટ વિસ્તારમાંથી એક કોલેજીયન યુવતી ગુમ થયાનો બનાવ એ ડિવિઝન પોલીસ મથકે નોંધાયો છે. મનહર પ્લોટ શેરી નંબર ૫ મંગળા મેઈન રોડ ખાતે રહેતા અમીત મજેઠીયાએ પોલીસમાં જાણ કરી છે કે તેમની ૧૮ વર્ષ અને ૫ માસની ઉંમરની દીકરી સ્નેહા ગત તારીખ ૨૦ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ સાંજે ૧૮.૦૦ વાગ્યાની આસપાસ કોઈને કહ્યા વગર પોતાના ઘરેથી એકલી ક્યાંક ચાલી ગઈ છે એ ડિવિઝન પોલીસના એએસઆઇ ભરતસિંહ ગોહિલ વધુ તપાસ આદરી છે. આજીડેમ પોલીસ મથક વિસ્તારમાંથી એક પરિણીતા પોતાના બે વર્ષના માસૂમ પુત્ર સાથે લાપતા બની છે. આજીડેમ ચોકડીથી આગળ નાગબાઈમા મંદિરની બાજુમાં શેરી નંબર ૨ માં રહેતા અને મૂળ બિહારના દરાધી સિમરીયાભાગલપુરના વતની સંજય આનંદી ઠાકુરે આજી ડેમ પોલીસને રૂબરૂ માહિતી આપી છે કે તેમની ૨૫ વર્ષીય પત્ની શિવાની કુમારી અને ૨ વર્ષનો દીકરો અભિનંદન ગત તારીખ ૧૮ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ બપોરે ૧૫.૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈ કારણોસર નીકળી ગયા બાદ હજુ સુધી પરત ફર્યા નથી. મજૂરી કામ કરતા સંજય ઠાકુરની પત્ની અને પુત્રની શોધખોળ માટે આજીડેમ પોલીસના હેડ કોન્સ્ટેબલ કે. વી.જોડેજા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મવડીના શ્રીવા સ્કીન ક્લિનિકમાં યુવતી પર કાતરથી હુમલો

રાજકોટ, તા.૨૧

રાજકોટ શહેરના મવડી ચોકડી મવડી મેઈન રોડ ઉપર ખોડિયાર કોમ્પ્લેક્ષમાં બીજા માળે આવેલા શ્રીવા સ્કીન ક્લિનિકમાં કામ કરતી યુવતી પર તેની જ સાથે કામ કરતી અન્ય મહિલા કર્મીએ કાતર વડે હુમલો કર્યાની ઘટના સામે આવી છે. કોઠારિયા સોલવન્ટ ગોંડલ રોડ ગુજરાત હાઉસિંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતી ૩૦ વર્ષીય ડિમ્પલ ભીખુ છાયાએ હિરલ નામની મહિલા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ સાંજના ૬ વાગ્યાના અરસામાં ક્લિનિકમાં કામ કરતા નિરાલી અને હિરલ વચ્ચે કામ બાબતે બોલાચાલી થતી હતી. આ સમયે ડિમ્પલ વચ્ચે પડીને હિરલને ગાળો બોલવાની ના પાડતા તે એકદમ ઉશ્કેરાઈ ગઈ હતી અને કાતર લઈને મારવા દોડી હતી. ડિમ્પલે પોતાનો બચાવ કરવા માટે હાથ આડો નાખતા તેના ડાબા હાથે ઘસરકો થયો હતો. અન્ય સ્ટાફે કાતર છીનવી લેતા ડિમ્પલ ડોક્ટર જય મોઢાની ઓફિસમાં જતી રહી હતી, જ્યાં પણ હિરલએ દરવાજો તોડવાની કોશિશ કરી હતી. બાદમાં ડોક્ટરે આવીને મામલો થાળે પાડી બંનેને ઘરે જવા જણાવ્યું હતું. ડિમ્પલ જ્યારે ક્લિનિકથી નીચે ઉતરી ત્યારે હિરલએ પાછળથી આવીને તેને ગળેથી પકડી લીધી હતી અને તેનું માથું દિવાલ સાથે ભટકાડી નીચે પાડી દીધી હતી. હિરલએ ધમકી આપી હતી કે હવે પછી તું ક્યાંય વચ્ચે આવીશ તો તને જાનથી મારી નાખીશ. ડોક્ટરે નીચે આવીને બંનેને છોડાવ્યા હતા.

ટ્રેનમાંથી યુવતિનું લેપટોપ ચોરાયું : ઉઠાવગીર ઝબ્બે

રાજકોટ રેલ્વે પીઆઇ એચ. એમ. રાણા અને ટીમની કામગીરી

રાજકોટ તા. ૨૧

ટ્રેનમાં વધુ એક વખત ચોરીનો બનાવ બન્યો હતો. પરંતુ કલાકોમાં ડીટેક્ટ થઇ ગયો હતો. રાજકોટમાં રહી પીએચડીનો અભ્યાસ કરતી મુળ કેશોદ પંથકની યુવતી કેશોદ થી રાજકોટ ટ્રેનમાં મુસાફરી કરી રહી હતી ત્યારે ગોંડલ અને રીબડા રેલ્વે સ્ટેશન વચ્ચે તેનું ૩૦ હજારનું લેપટોપ ચોરી ભાગવાનો પ્રયાસ કરનાર તસ્કર ને ભકિતનગર રેલ્વે સ્ટેશન પર રેલ્વે પોલીસે દબોચી લઇ પૂછતાછ શરૂ કરી હતી. વિગતો જોઈએ તો આ મામલે શહેરના જે.કે. ચોક પાસે શિવશકિત સોસાયટીમાં રહેતી અને પી.એચ.ડી.નો અભ્યાસ કરતી મુળ કેશોદના નાની ઘનસારી ગામની પુનમબેન રાજદેભાઇ હડીયાએ રેલ્વે પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યુ કે તે ગઇકાલે વેરાવળ-રાજકોટ એકપ્રેસ ટ્રેનમાં કેશોદ રેલ્વે સ્ટેશન થી જનરલ ડબ્બામાં બેસી રાજકોટ આવવા રવાના થઇ હતી.

વધુ માહિતી અનુસાર રાત્રે સાડા આઠેક વાગ્યે ગોંડલ આવતા તેની



સીટ પાસે અજાણ્યો શખ્સ બેઠો હતો. જે શંકાસ્પદ રીતે નજર આજુબાજુ કરતો હતો. ત્યારબાદ તેનું ધ્યાન મોબાઇલમાં હોય તેનું ધ્યાન થોડીવાર બાદ અચાનક તેની સીટની ઉપરની તરફ સાઇડમાં રાખેલ બેગ કે જેમાં રૂા. ૩૦ હજારની કિંમતનું લેપટોપ હતું૦ તેના પર જતાં તે જોવા જ્યુ ન હતું. આ સમયે ટ્રેન ગોંડલ રેલ્વે સ્ટેશન પર ઉભેલી હતી. બીજી તરફ તેની સીટ પાસે બેસેલ શંકાસ્પદ શખ્સ પણ ન હોવાથી તત્કાલ ડબ્બામાં તપાસ કરતા અને અન્ય મુસાફરોને પુછતાં ટ્રેનનાં દરવાજા પાસે ઉભેલા મુસાફરે એક શખ્સ લેપટોપ બેગ લઇને અહીંથી આવ્યો હોવાનું અને આગળના જનરલ ડબ્બામાં ગયો હોવાનું કહયું હતું.

આ સમયે ટ્રેને રીબડા રેલ્વે સ્ટેશને પહોંચતા તે અન્ય મુસાફરની મદદથી લેપટોપ ઉઠાવનારની શોધખોળ શરૂ કરી હતી. પરંતુ કયાંય પત્તો લાગ્યો નહતો. થોડીવાર બાદ ભકિતનગર રેલ્વે સ્ટેશન આવતા ત્યાં હાજર પોલીસ સ્ટાફે વાત કરતાં સ્ટાફ વોચમાં ગોઠવાયો હતો. બાદમાં લેપટોપ ચોરી કરનાર તસ્કર ટ્રેનમાં દરવાજા પાસે ઉભેલો હોવાથી તેને જોઇ ભાગવાનો પ્રયાસ કરતાં પોલીસે તેને લેપટોપ બેગ સાથે પકડી લીધો હતો. તેની પુછતાછમાં પોતાનું નામ રિતીક ભૈયાજી કામલે (ઉ.વ. ૨૨ રહે. માંગરોળ, મુ મહારાષ્ટ્ર) હોવાનું જણાવતા પોલીસે આ મામલે ગુનો દાખલ કરી પી.આઇ. એચ.એન. રાણાની રાહબારીમાં ટીમે તપાસ શરૂ કરી હતી.



પ્લેટફોર્મની લંબાઈ અને ઊંચાઈ વધારવાની કામગીરીના કારણે પશ્ચિમ રેલવે દ્વારા લેવાયો નિર્ણય

સિદ્ધપુર સ્ટેશન પર ઓખા શકુરબસ્તી સ્પેશિયલ ટ્રેનનું સ્ટોપેજ હંગામી ધોરણે રદ

રાજકોટ, તા.૨૧

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન હેઠળ આવતા અમદાવાદ-પાલનપુર સેક્શનના સિદ્ધપુર રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૨ ની લંબાઈ બંને છેડે ૭૦ મીટર વધારવાની અને તેની ઊંચાઈ વધારવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીને પગલે સિદ્ધપુર સ્ટેશન પર ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા-શકુરબસ્તી સ્પેશિયલનું સ્ટોપેજ હંગામી ધોરણે રદ રાખવામાં આવ્યું છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા-શકુરબસ્તી સ્પેશિયલ ટ્રેન જે દિવસે સિદ્ધપુર સ્ટેશન પર ઉભી રહેશે નહીં તેમાં તા.૨૦ અને તા.૨૭ તેમજ ૩ અને ૧૦ નવેમ્બર નક્કી કરાયા છે. રેલવે તંત્ર દ્વારા મુસાફરોને અનુરોધ કરાયો છે કે, તેઓ આ ફેરફારને ધ્યાનમાં રાખીને જ પોતાની મુસાફરીનું આયોજન કરે, જેથી કોઈ અગવડતા ન પડે તેવું પશ્ચિમ રેલવે, રાજકોટ ડિવિઝનના જનસંપર્ક કાર્યાલય દ્વારા જાહેર કરાયું છે.

કાપડ કંપની સાથે મુંબઈના વેપારીની ૫.૪૪ કરોડની ઠગાઈ

૮.૯૭ કરોડનો માલ ખરીદી શરૂઆતમાં ટુકડે ટુકડે પેમેન્ટ કરી, બાકીના નાણાં ન ચૂકવી મુંબઈના મારૂતી એક્સપોર્ટના પ્રોપરાઇટર પ્રેમચંદ મિતલની છેતરપીંડી

રાજકોટ, તા.૨૧

રાજકોટ શહેરમાં મોરબી રોડ પર મારવાડી કોલેજ પાસે આવેલી કિઓન એમ એક્સપોર્ટ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપની સાથે મુંબઈના એક વેપારીએ પાંચ કરોડથી વધુ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

આ અંગે સંતકબીર રોડ પર શક્તિ સોસાયટીમાં રહેતા અને કંપની વતી કાનૂની કાર્યવાહી માટે અધિકૃત કરાયેલા ૨૫ વર્ષીય કેનીલ ભાવેશ સરધારાએ ડીસીબી પોલીસ સ્ટેશનમાં મુંબઈના મારૂતી એક્સપોર્ટના પ્રોપરાઇટર પ્રેમચંદ અશોકકુમાર મિતલ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી પ્રેમચંદ મિતલ જાન્યુઆરી ૨૦૨૫ થી રાજકોટની આ કંપનીના સંપર્કમાં હતો અને ફેબ્રિક કાપડની ખરીદી માટે વિશ્વાસ કેળવવા શરૂઆતમાં ટુકડે ટુકડે પેમેન્ટ કરતો હતો.

આરોપી પ્રેમચંદ મિતલ દ્વારા કંપની પાસેથી ૭,૬૬,૯૨૯ મીટર સાટીન બ્લેક રેડ અને ડાઇંગ વાઇટ બ્લેક કાપડની ખરીદી કરવામાં આવી હતી જેની કુલ કિંમત ૮,૯૭,૦૪,૬૦૫ રૂપિયા થવા જતી હતી. આ રકમમાંથી આરોપીએ ધી હિન્દુસ્તાન કો ઓપરેટિવ બેંકના



ખાતા મારફતે ૩,૫૨,૪૫,૨૯૦ રૂપિયા ચૂકવી આપ્યા હતા અને બાકીના ૫,૪૪,૫૯,૩૧૫ રૂપિયાની ચૂકવણી કરી ન હતી. રાજકોટની કંપની દ્વારા બાકી નીકળતા નાણાંની ઉઘરાણી કરવામાં આવતા આરોપીએ એવા બહાના કાઢ્યા હતા કે તેણે આ કાપડ ઇન્ડોનેશિયા એક્સપોર્ટ કર્યું છે અને માલ ખરાબ નીકળ્યો છે. જોકે ખરેખર તેણે આ માલ વિદેશમાં મોકલવાને બદલે બારોબાર લોકલ માર્કેટમાં વેચી મારીને રાજકોટની કંપનીને આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું.

આ અંગેની જાણ થતાં કેનીલ સરધારાની ફરિયાદના આધારે ડીસીબી પોલીસે આરોપી પ્રેમચંદ મિતલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) હેઠળ ગુનો દાખલ કર્યો છે. છેતરપિંડીના કેસની વધુ તપાસ પીએસઆઈ

રાજકોટની પીડીયુ સિવિલ હોસ્પિટલ ફરી એકવાર ચોંકાવનારી બેદરકારી સામે આવી

સિવિલમાં સંવેદનાના નામે મીંડુ

વૃદ્ધ દંપતીના વાયરલ વીડિયોથી ચકચાર: તંત્ર ઊંઘમાંથી જાગ્યું, એજન્સીને ફટકારી નોટિસ!

રાજકોટ, તા. ૨૧

રાજકોટની પીડીયુ સિવિલ હોસ્પિટલ ફરી એકવાર ચોંકાવનારી બેદરકારી અને સંવેદનહીનતાને કારણે વિવાદના વટોળમાં સપડાઈ છે. હોસ્પિટલ પરિસરમાં એક લાચાર અને વૃદ્ધ દંપતીની દયનીય સ્થિતિનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ સમગ્ર શહેર અને પંથકમાં ભારે અરેરાટી સાથે જનરોષ ફાટી નીકળ્યો છે. હોસ્પિટલમાં દર્દીઓની સારસંભાળ અને સુવિધાઓના મોટા-મોટા દાવાઓ વચ્ચે સામે આવેલા આ વાયરલ વીડિયોએ સિવિલ હોસ્પિટલ પ્રશાસનની કામગીરી સામે ગંભીર પ્રશ્નાર્થચિહ્નો ખડા કરી દીધા છે. સોશિયલ મીડિયા પર આ ઘટનાની વ્યાપક થૂ-થૂ થતાં જ આખરે ઊંઘતું સિવિલ તંત્ર તાત્કાલિક ધોરણે હરકતમાં આવ્યું છે અને સમગ્ર મામલે તપાસના આદેશ આપી બચાવ મુદ્રામાં આવી ગયું છે.

આ સમગ્ર શરમજનક અને ચકચારી વિવાદ અંગે સિવિલ હોસ્પિટલના હિસાબી અધિકારી એમ.એસ. રોય દ્વારા સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું છે. તેમણે આ ઘટના પ્રત્યે ઘેરા દુઃખની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયામાં વૃદ્ધ દંપતીનો જે વીડિયો વાયરલ થઈ રહ્યો છે તે અત્યંત દુઃખદ અને ખેદજનક ઘટના છે. દર્દીઓ કે તેમના વૃદ્ધ અને લાચાર પરિવારજનો સાથે આ પ્રકારની બેદરકારી કે અમાનવીય વર્તન ચલાવી લેવાય નહીં. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ હાથ ધરવામાં આવી છે. હોસ્પિટલમાં દર્દીઓની હેરફેર, સ્ટ્રેચર અને વ્હીલચેર પૂરી પાડવાની કામગીરી જે ખાનગી એજન્સીને સોંપવામાં આવી છે, તે એજન્સીની ઘોર બેદરકારી પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવતાં તંત્ર દ્વારા સંબંધિત એજન્સીને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે અને તેમની સામે આકરાં પગલાં તોળાઈ રહ્યા છે.

હિસાબી અધિકારી એમ.એસ. રોયએ વધુમાં સ્પષ્ટતા કરતાં ઉમેર્યું હતું કે, ભવિષ્યમાં આ પ્રકારની કોઈ નિર્મમ અને શરમજનક ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે હોસ્પિટલ પ્રશાસન દ્વારા એક વિશેષ એસ.ઓ.પી. (જ્રફિક્ષમફમિ ઘાયફિશિંક્ષલ ઽજ્ઞિભયમીયિ) તૈયાર કરવાનો



નિર્ણય લેવાયો છે. હવેથી હોસ્પિટલમાં આવતા કોઈપણ દર્દીને એક વિભાગમાંથી બીજા વિભાગમાં કે વોર્ડ સુધી લઈ જવા માટે દર્દીના સગાંઓએ જાતે સ્ટ્રેચર ખેંચવું કે હેરાન થવું નહીં પડે. દર્દીઓને સર્વન્ટ (સેવક) જ કમ્પલસરી સ્ટ્રેચરમાં લઈ જાય તે પ્રકારની વ્યવસ્થાનું હવેથી અત્યંત કડક અને ચુસ્તપણે પાલન કરાવવામાં આવશે. જો આ કડક નિયમોના પાલનમાં કોઈ કર્મચારી કે એજન્સી ભંગ કરશે તો તેમની સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્રભરમાંથી દરરોજ હજારો ગરીબ અને સામાન્ય વર્ગના દર્દીઓ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલે આવે છે. આવા સમયે સ્ટ્રેચર કે સર્વન્ટ ન મળવાને કારણે વૃદ્ધ દર્દીઓ અને તેમના સ્વજનોને રઝળવાનો વારો આવતો હોવાની ફરિયાદો અવારનવાર ઊઠતી રહે છે. વાયરલ વીડિયો બાદ તંત્ર દ્વારા નોટિસ પાઠવવાની અને નવી જગ્યા બનાવવાની વાતો તો કરવામાં આવી છે, પરંતુ આ કડક સુધારા માત્ર કાગળ પર રહી જશે કે પછી ખરેખર જમીની સ્તરે ગરીબ દર્દીઓને તેનો લાભ મળશે તે જોવું રહ્યું.

૭-૭ ઈ-રિક્ષા પાર્કિંગમાં ધૂળ ખાય છે!

સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી રાજકોટ પીડીયુ સિવિલ હોસ્પિટલનો અંધેર વહીવટ અને દર્દીઓ પ્રત્યેની ઘોર લાપરવાહી વધુ એક વખત છતી થઈ છે. હોસ્પિટલ કેમ્પસમાંથી સામે આવેલા બે પરસ્પર વિરોધી દ્રશ્યોએ તંત્રના દાવાઓની પોલ ખોલી નાખી છે. એક તરફ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા ગરીબ દર્દીઓને એક વોર્ડમાંથી બીજા વોર્ડમાં લઈ જવા માટે કોઈ સ્ટાફ કે સર્વન્ટ ન મળતાં દર્દીના આકુલ-વ્યાકુલ થયેલા સગાંઓ પોતે જ સ્ટ્રેચરને ધક્કા મારતા અને ભારે હાલાકી ભોગવતા નજરે પડી રહ્યા છે, તો બીજી તરફ મોટી હોસ્પિટલના કેમ્પસમાં દર્દીઓની સરળ હેરફેર માટે ફાળવવામાં આવેલી સાત-સાત જેટલી ઈ-રિક્ષાઓ સિવિલના પાર્કિંગમાં શોભાના ગાંઠિયાની જેમ પડી-પડી ધૂળ ખાઈ રહી છે. સરકારી નાણાંમાંથી દર્દીઓની સગવડ અર્થે લાવવામાં આવેલી ઈ-રિક્ષાઓનો કોઈ જ ઉપયોગ કરવામાં આવતો ન હોવાથી તે ધૂળધાણી થઈ રહી છે અને બીજી તરફ દર્દીઓના પરિજનો લોહી-પાણી એક કરીને સ્ટ્રેચરો ખેંચવા મજબૂર બન્યા છે. સાધનો અને સુવિધાઓ હોવા છતાં તેનો યોગ્ય ઉપયોગ ન કરી દર્દીઓને હેરાન-પરેશાન કરવાની સિવિલ પ્રશાસનની આ નીતિ સામે ભારે રોષ વ્યાપી ગયો છે. ત્યારે હવે લોકમુખે એક જ સવાલ ઉઠી રહ્યો છે કે શું આ મોંઘીદાટ ઈ-રિક્ષાઓ માત્ર કાગળ પર સુવિધાઓ દર્શાવવા માટે જ ખરીદવામાં આવી છે કે પછી દર્દીઓને તેનો ખરેખર લાભ મળશે?

વિરોધનો અગ્નિ, સત્તા સામે સત્યનો પડકાર

કોંગ્રેસે રાવણરૂપી જ્ઞાનેશ કુમારના પૂતળાનું દહન કર્યું : રાજકારણ ગરમાયું



રાજકોટ, તા. ૨૧

દશેરાનો પાવન પર્વ હંમેશા અસત્ય પર સત્યના, અધર્મ પર ધર્મના અને અહંકાર પર ન્યાયના વિજયનું પ્રતીક રહ્યો છે. પરંતુ વર્તમાન સમયમાં જ્યારે દેશના બંધારણીય માળખા અને લોકશાહીના પાયા સમાન ચૂંટણી પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે, ત્યારે રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આ તહેવારને એક વૈચારિક અને રાજકીય લડતના શસ્ત્ર તરીકે વિરોધ પ્રદર્શનમાં પરિવર્તિત કરવામાં આવ્યો હતો. રાજકોટની ધરા પરથી દશેરાના પર્વે રાવણરૂપી જ્ઞાનેશ કુમારના પૂતળાનું દહન કરીને માત્ર એક સંકેત નથી આપવામાં આવ્યો, પરંતુ દેશના કરોડ નાગરિકોના દબાયેલા અવાજ, તેમની આશંકાઓ અને લોકશાહી બચાવવાના જન-આક્રોશને એક ધારદાર વાચા આપવામાં આવી છે.

લોકશાહી એ માત્ર પાંચ વર્ષે યોજાતી એક પ્રક્રિયા કે સરકારી વ્યવસ્થા નથી, પરંતુ એ આ દેશના દરેક નાગરિકના સ્વેચ્છિક મત, શ્રદ્ધા અને બંધારણીય અધિકારોનો જીવંત દસ્તાવેજ છે. ભારત જેવા વિશાળ દેશમાં જનતાનો મત એ જ પ્રજાની ખરી તાકાત છે. જ્યારે આ તાકાતનું યોગ્ય સન્માન થાય અને દરેક નાગરિકનો પોતાની મતાધિકારની પવિત્રતા પર અકબંધ વિશ્વાસ રહે, ત્યારે જ સાચા અર્થમાં લોકશાહી ધબકતી રહે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ચૂંટણી પંચની નિષ્પક્ષતા, મતગણતરીની પારદર્શિતા અને નાગરિકોના મતાધિકાર પર જે રીતે આડકતરા પ્રહારો થઈ રહ્યા છે, તેનાથી લોકશાહીની ગરિમા સામે મોટો ખતરો ઊભો થયો છે. ચૂંટણી પ્રશાસન સંભાળતી સંસ્થાઓ કોઈ પક્ષ કે સત્તાધીશોના આદેશોથી નહીં, પરંતુ બંધારણની મર્યાદામાં રહીને નિષ્પક્ષ રીતે કામ કરે તે સમયની માગ છે.

આજના આ વિરોધ પ્રદર્શન દ્વારા રાજકોટ શહેર કોંગ્રેસે સ્પષ્ટ અને સણસણતો સંદેશ આપ્યો છે કે પ્રજાના અધિકારોનું હનન સહન કરવામાં આવશે નહીં. લોકશાહીના મૂલ્યોની રક્ષા કરવી એ દરેક જાગૃત નાગરિક અને વિપક્ષની પ્રાથમિક ફરજ છે. જનતાના મતના એક-એક પોઈન્ટનું સન્માન જળવાય, ચૂંટણીમાં સંપૂર્ણ નિષ્પક્ષતા અને સ્ફટિક જેવી પારદર્શિતા આવે તે માટે આ લડત આગામી દિવસોમાં વધુ તીવ્ર બનાવવાનો કોંગ્રેસે કોલ આપ્યો છે.

આ દશેરાના પાવન અવસરે માત્ર પૂતળાં બાળીને અટકી જવાનું નથી, પરંતુ સમાજમાં વ્યાપેલી લોકશાહી વિરોધી માનસિકતા અને સત્તાના અહંકારનું પણ દહન કરવાનો સંકલ્પ લેવાનો છે. દરેક નાગરિકે પોતાના મતના અધિકાર પ્રત્યે જાગૃત થઈને બંધારણની રક્ષા માટે આગળ આવવું પડશે. જનતાનો મત એ લોકશાહીનું હૃદય છે અને આ હૃદયને ધબકતું રાખવા માટે પારદર્શિતા અને ન્યાયનો આગ્રહ રાખવો એ જ સાચો રાષ્ટ્રધર્મ છે.

૨ નવેમ્બરથી યોજાનારી અનિશ્ચિત મુદતની હડતાલ અટકી : સરકારનો ૧૩ મુદ્દાની માંગણીઓ પ્રત્યે હકારાત્મક અભિગમ

દસ્તાવેજ નોંધણી કર્મચારીઓનું આંદોલન બે માસ માટે સ્થગિત

રાજકોટ, તા. ૨૧

રાજ્યભરની સબ-રજિસ્ટ્રાર એટલે કે દસ્તાવેજ નોંધણી કચેરીઓના કર્મચારીઓ દ્વારા પોતાની ૧૩ પડતર માંગણીઓ અને વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે આંદોલનના મંડાણ કરવામાં આવ્યા હતા અને આગામી તા. ૨ નવેમ્બરથી અનિશ્ચિત મુદતની હડતાલ પર જવાની ચીમકી પણ આપવામાં આવી હતી. પરંતુ કર્મચારીઓની આ ૧૩ મુદ્દાની વ્યાજબી માંગણીઓ અંગે કર્મચારી મંડળના હોદ્દેદારો સાથે રાજ્ય સરકારે મંત્રણા યોજીને અત્યંત હકારાત્મક અભિગમ દાખવતા હાલ તુરંત આ આંદોલનાત્મક કાર્યક્રમો આગામી બે માસ માટે સ્થગિત રાખી દેવામાં આવ્યા છે.

અત્રે નોંધનીય છે કે, દસ્તાવેજ નોંધણી કચેરીઓના કર્મચારીઓ દ્વારા પોતાની ૧૩ મુદ્દાની માંગણીઓને લઈને ગત તા. ૧૨ના રોજ રાજકોટ સહિત રાજ્યભરના જિલ્લા મથકો પર જિલ્લા કલેક્ટરઓને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પણ પ્રશ્નોનો ઉકેલ ન આવતા ગત તા. ૧૫ના રોજ રાજ્યભરની દસ્તાવેજ નોંધણી કચેરીઓમાં કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન દરમિયાન મંડળના હોદ્દેદારોએ પડતર પ્રશ્નો અંગે સરકાર સાથે પ્રથમ તબક્કાની મંત્રણા કરી હતી, જે નિષ્ફળ નીવડી હતી.

પ્રથમ તબક્કાની વાટાઘાટો નિષ્ફળ જતાં કર્મચારી મંડળે ૨



નવેમ્બરથી રાજ્યવ્યાપી અનિશ્ચિત મુદતની હડતાલનું એલાન આપ્યું હતું. જોકે, ત્યારબાદ મંડળના હોદ્દેદારોએ સરકાર સાથે યોજેલી બીજા તબક્કાની બેઠકમાં રાજ્ય સરકારે કર્મચારીઓની ૧૩ મુદ્દાની માંગણીઓ અને પડતર પ્રશ્નો પ્રત્યે સાનુકૂળ અને હકારાત્મક અભિગમ દાખવ્યો હતો. જેને પગલે મંડળના હોદ્દેદારોએ આંદોલન હાલ પૂરતું બે માસ માટે મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી.

મંડળના હોદ્દેદારોએ સ્પષ્ટ કર્યું હતું કે સરકારના આશ્વાસન બાદ આંદોલનાત્મક કાર્યક્રમો હાલ તુરંત રોકી દેવામાં આવ્યા છે. ખાસ કરીને તહેવારોના દિવસોમાં સબ-રજિસ્ટ્રાર કચેરીઓમાં મિલકત ખરીદી અને વેચાણના દસ્તાવેજોના રજિસ્ટ્રેશન માટે અરજદારોનો ભારે ધસારો રહેતો હોય છે. એવા સમયે જ કર્મચારીઓના પડતર પ્રશ્નો અને માંગણીઓ અંગે સરકારે હકારાત્મક વલણ અપનાવતા સામાન્ય નાગરિકોને હાલાકીમાંથી રાહત મળી છે, સાથે જ કર્મચારીઓમાં પણ પોતાના પ્રશ્નોનો સુખદ ઉકેલ આવવાની નવી આશા જાગી છે.

સ્વદેશી મેળા ૨૦૨૬નો કાલથી પ્રારંભ

સ્થાનિક કારીગરો અને કલાકારોને મળશે ભવ્ય મંચ : મનપાની નવતર પહેલ

રાજકોટ, તા. ૨૧

'મેઈક ઇન ઇન્ડિયા', 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત-૨૦૪૭'ના રાષ્ટ્રીય સંકલ્પને સાકાર કરવાની દિશામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ રાજકોટના રેસકોર્ષ ખાતે આવેલા શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીમાં તા. ૨૩ ઓક્ટોબરથી ૩ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ભવ્ય 'સ્વદેશી મેળો - ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦:૦૦ થી રાત્રે ૧૦:૦૦ કલાક સુધી યોજાનારા આ મેળામાં સ્થાનિક હસ્તકલા, પરંપરાગત ઉત્પાદનો, સ્વસહાય જૂથો (જીંજ્ઞક્ષ) અને શેરી ફેરિયાઓને સીધું બજાર પૂરું પાડી પ્રોત્સાહિત કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો.નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડો.હિરેનભાઈ ખીમાણિયા, શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણા અને સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ દ્વારા સંયુક્ત યાદીમાં જણાવવામાં આવ્યું છે કે આ મેળામાં કુલ ૮૫ જેટલા વેચાણ અને પ્રદર્શન સ્ટોલ તથા ૫ ઈંઊઈ (માહિતી, શિક્ષણ અને સંચાર) સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. મેળામાં શોપિંગ ક્લસ્ટર, ક્રાફ્ટ ક્લસ્ટર અને ફૂડ કોર્નર મુખ્ય આકર્ષણ બનશે, જ્યાં નાગરિકો એક જ છત નીચે વિવિધ સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી સાથે સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ માણી શકશે. આ ઉપરાંત 'એક જિલ્લો, એક ઉત્પાદન' અંતર્ગત રાજકોટના સ્થાનિક ઉત્પાદકો અને તેમની વિશિષ્ટ કારીગરીને વૈશ્વિક સ્તરે બ્રાન્ડિંગ પૂરું પાડવા માટે વિશેષ આયોજન કરાયું છે.

નાગરિકો માટે આ મેળો માત્ર ખરીદી પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ સાંસ્કૃતિક અને પારિવારિક મનોરંજનનું કેન્દ્ર પણ બનશે. મેળામાં સ્થાનિક તથા ઊભરતા કલાકારોને પોતાની પ્રતિભા રજૂ કરવા માટે સાંસ્કૃતિક કોર્નર બનાવવામાં આવ્યું છે, જ્યાં રોજ સાંજે ૬:૦૦ થી રાત્રે ૯:૦૦ કલાક દરમિયાન ગાયન, સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સાથે જ, પરિવાર સાથે આવતા મુલાકાતીઓ માટે બાળકોની મજા ખાતર વિશેષ ચિલ્ડ્રન પ્લે એરિયા અને એક્ટિવિટી ઝોન પણ તૈયાર કરવામાં આવ્યો છે. રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા શહેરના તમામ નાગરિકોને આ સ્વદેશી મેળાની મુલાકાત લેવા, સ્થાનિક કારીગરોની ચીજવસ્તુઓ ખરીદીને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને વેગ આપવામાં સહભાગી બનવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

દ્વારકામાં માત્ર ૧ ટકા તો જામનગરમાં ૮ ટકા જ પાણી બચ્યું

સૌરાષ્ટ્ર પર તોળાતો જળસંકટનો પડછાયો

દ્વારકા-જામનગરમાં સ્થિતિ અતિ ગંભીર, આખું વર્ષ 'સૌની યોજના' પર નિર્ભર રહેવાની નોબત!

રાજકોટ, તા. ૨૧

ચાલુ વર્ષે સૌરાષ્ટ્ર પંથકમાં મેઘરાજાની વરંવાસી કૃપા અને ઓછા વરસાદને કારણે સમગ્ર પ્રદેશ ગંભીર જળસંકટના મુખમાં ધકેલાઈ રહ્યો છે. લાંબા સમયથી જળસંચય અને સિંચાઈના ડેમોની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત થઈ રહી હતી, પરંતુ હવે સરકારી આંકડાઓએ જે વાસ્તવિક ચિત્ર રજૂ કર્યું છે તે અત્યંત ડામાડોળ અને ભયજનક છે. સૌરાષ્ટ્રના મહત્ત્વના જિલ્લાઓમાં જળાશયોના તળિયા દેખાવા લાગ્યા છે, જેમાં ખાસ કરીને દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં પાણીને લઈને સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે.

સૌરાષ્ટ્રમાં જળસંગ્રહની સ્થિતિની વાત કરીએ તો, દ્વારકા જિલ્લામાં જળાશયોમાં માત્ર એક ટકા જ પાણીનો જથ્થો શેષ રહ્યો છે, જે આગામી દિવસોમાં મોટી આપત્તિનો સંકેત આપે છે. આ જ રીતે જામનગર જિલ્લાના ડેમોમાં પણ માત્ર આઠ ટકા જ પાણી બચ્યું છે, જેના કારણે સ્થાનિક વહીવટી તંત્ર અને નાગરિકોની ચિંતામાં મોટો વધારો થયો છે. જોકે, સૌરાષ્ટ્રના અન્ય તમામ જિલ્લાઓમાં સ્થિતિ એકસમાન નથી. સુરેન્દ્રનગર જિલ્લાના ડેમોમાં ૬૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જ્યારે મોરબી જિલ્લાના ડેમોમાં સંતોષકારક રીતે ૭૦ ટકા જેટલો જળજથ્થો સચવાયેલો છે.

બીજી તરફ, રાજકોટ જિલ્લાની વાત કરીએ તો અહીંના કુલ ૨૭ ડેમમાં સરેરાશ અંદાજે ૪૦ ટકા



પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજકોટ શહેરની વાત કરીએ તો, શહેરની તરસ છીપાવતા મુખ્ય ડેમોની સ્થિતિ મિશ્ર પ્રકારની છે. રાજકોટ શહેરના આજી-૩ ડેમમાં હાલ ૨૭ ટકા પાણીનો જથ્થો છે, જ્યારે ન્યારી-૧ ડેમમાં ૪૦ ટકા પાણી ઉપલબ્ધ છે. આજી-૧ ડેમમાં આશરે ૫૦ ટકા પાણીનો જથ્થો બચ્યો છે, જ્યારે જિલ્લાના ખોડાપીપર ડેમમાં ૭૦ ટકા પાણી ઉપલબ્ધ છે. આ ઉપરાંત, રાહતની વાત એ છે કે આજી-૨ ડેમમાં ૯૪ ટકા અને લાલપરી ડેમમાં ૧૦૦ ટકા પાણીનો જથ્થો ભરેલો છે, જે શહેર માટે થોડી રાહતરૂપ સાબિત થઈ રહ્યો છે.

આશ્વાસનરૂપ ડેમો હોવા છતાં, સમગ્ર સૌરાષ્ટ્ર અને ખાસ કરીને રાજકોટ શહેરમાં પીવાના પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે મનપા અને સિંચાઈ વિભાગના અધિકારીઓ અત્યારે ઊંધા માથે થયા છે. વરસાદી પાણીની અછતને પહોંચી વળવા માટે હાલ રાજકોટ શહેરમાં 'સૌની યોજના' અંતર્ગત નર્મદાના નીર ડેમમાં ઠાલવવામાં આવી રહ્યા છે. વાસ્તવિકતા એ છે કે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર હવે આખું વર્ષ માત્ર ને માત્ર 'સૌની યોજના' પર જ નિર્ભર રહે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જો સમયસર પાણીના વિતરણનું યોગ્ય આયોજન અને કાપ મૂકવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સૌરાષ્ટ્રવાસીઓએ ભારે પાણીની તંગીનો સામનો કરવો પડી શકે છે.

બિગ નહિ, બીક બોસ

પડદા પર ટાઇગર બનીને ફિશિયારી મારનારે ભયથી શૂટિંગ પણ છોડ્યું



બોલિવૂડની ઝૂપેરી દુનિયામાં સલમાન ખાનની છબી નિડર, દબંગ અને શક્તિશાળી હીરો તરીકેની રહી છે. મોટા પડદા પર તે 'ટાઇગર' બનીને એકસાથે દસ-દસ વિલનોને ધૂળ ચાટતા કરી દે છે. તેની એક્શન શૈલી, રોફ અને એટીટ્યુડ જોઇને ફેન્સ તેને અજેય માને છે. પડદા પર તે ગમે તેવા ભયાનક ખતરાનો સામનો હસતા મુખે કરતો દેખાય છે. પરંતુ ફિલ્મી પડદાની આ ચમકધમક અને રોફ પાછળની વાસ્તવિકતા બિલકુલ અલગ છે. વાસ્તવિક જીવનમાં સલમાન ખાન અત્યારે ભય અને ડરના એવા પડછાયા હેઠળ જીવી રહ્યો છે, જેના કારણે તેને પોતાના પૂર્વનિર્ધારિત શૂટિંગ પણ અચાનક રદ કરવા પડ્યા છે.

તાજેતરમાં ટાઇગર શ્રોફ પર હુમલાની ગંભીર ઘટના અને ધમકીઓ બાદ સુરક્ષાના જોખમો વધતા જ સલમાન ખાને પોતાનું શૂટિંગ શેડ્યૂલ અધવચ્ચેથી જ અટકાવી દીધું હોવાના અહેવાલો સામે આવ્યા છે. પડદા પર અજેય દેખાતો આ જ હીરો અસલી જીવનમાં જીવના જોખમથી એટલો ભયભીત છે કે તેણે સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેમેરા સામે આવવાનું પણ ટાળવું પડ્યું છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ફિલ્મી રીલ લાઈફ અને રિયલ લાઈફ વચ્ચે જમીન-આસમાનનો તફાવત હોય છે. બિગ બોસ બનીને ફિશિયારી મારતો સલમાન બિકથી ફફડે છે.

સલમાન ખાન બીકણ હોવાની અને ભય હેઠળ જીવવાની આ કોઈ પહેલી ઘટના નથી, ભૂતકાળની કેટલીક ગંભીર ઘટનાઓ પણ આ વાતની સાક્ષી પૂરે છે. અગાઉ પણ તેના મુંબઈ સ્થિત ગેલેક્સી એપાર્ટમેન્ટ બહાર થયેલા અંધાધૂંધ ફાયરિંગ બાદ તે ભારે દહેશતમાં આવી ગયો હતો. કાળિયાર શિકાર પ્રકરણ પછી સતત મળતી જાનથી મારી નાખવાની ધમકીઓએ તેના રોજિંદા જીવન પર ઘેરી અસર છોડી છે. ભયના કારણે તેણે પોતાની મુક્તપણે હરવા-ફરવાની આઝાદી ગુમાવી દીધી છે. બુલેટપ્રૂફ ગાડીઓ, કડક પોલીસ બંદોબસ્ત અને ખાનગી સિક્યુરિટી ગાર્ડ્સના કવચ વગર તે ઘરની બહાર પણ નીકળી શકતો નથી.

જ્યારે પણ કોઈ નવો ખતરો કે ધમકી સામે આવે છે, ત્યારે તે પોતાના પ્રોજેક્ટ્સ રદ કરીને બંકરમાં પુરાઈ જવા મજબૂર બને છે. ભૂતકાળમાં પણ આવી ધમકીઓ મળતા જ તેણે વિદેશી પ્રવાસો અને આઉટડોર શૂટિંગ પાછા ઠેલવ્યા હતા. જે વ્યક્તિ સ્ક્રીન પર દરેક મુશ્કેલી સામે એકલો લડી લે છે, તે જ વ્યક્તિ વાસ્તવિક જીવનમાં માત્ર એક ધમકીભર્યા મેસેજ કે કોલથી ધ્રૂજી ઊઠે છે. આમ, પડદા પર ટાઇગર બનીને રોફ જમાવનાર સલમાન ખાન વાસ્તવિકતામાં 'બીક બોસ' સાબિત થયો છે. ફેન બનીને આવા હીરા પાછળ ટોળા બનીને ફરનારા લોકો માટે આ વાસ્તવિકતા આંખ ઉઘાડનારી છે. ટપોરીઓથી પણ છરકણિયા છૂટી જાય છે.



તમે Gen Z નથી

દિલ્હી હાઈકોર્ટે આશુતોષ રંકા-સૌરભ દાસને ટકોર કરી ,અરજી ખેંચવી પડી પરત

નવીદિલ્હી, તા. ૨૧

દિલ્હી હાઈકોર્ટે કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરભ દાસ અને આશુતોષ રંકા વિશે કઠોર ટિપ્પણીઓ કરી છે. તેમની ન્યાયિક કસ્ટડી સામેની અરજીની સુનાવણી કરતી વખતે, કોર્ટે કહ્યું, ''તમે લોકો જનરલ-જી નથી.'' કોર્ટે તેમની ઉંમર વિશે પૂછપરછ કરી, જેના જવાબમાં તેમના વકીલોએ જવાબ આપ્યો કે આશુતોષ ૩૧ વર્ષનો છે અને સૌરભ ૨૭ વર્ષનો છે. બાર એન્ડ બેંચના જણાવ્યા અનુસાર, સુનાવણી દરમિયાન, દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ સુબ્રમણ્યમ પ્રસાદે સૌરભ અને આશુતોષના વકીલોને પૂછ્યું, ''તમે બે વાર બંધન તોડ્યું. પોલીસ માટે શાંતિ જરૂરી છે. આવી પરિસ્થિતિમાં પોલીસ પાસેથી તમે ઉદારતા કેમ દાખવે તેવી અપેક્ષા રાખો છો?'' જ્યારે સૌરભ અને આશુતોષના વકીલ, અભિક ચિમનીએ ટિપ્પણી કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે કોર્ટે પૂછ્યું, ''પ્રશ્ન ઊભો થશે, ખરું ને? તમારું સંગઠન અને તેનો હેતુ શું છે?'' કોર્ટે વધુમાં ટિપ્પણી કરી, ''તમે જુલાઈમાં વિદ્યાર્થીઓ માટે વિરોધ કરી રહ્યા હતા. હવે તમે એક અલગ મુદ્દા પર વિરોધ કરી રહ્યા છો. તમે ભવિષ્યમાં એક અલગ મુદ્દા પર કરશો. તેથી, આ પ્રશ્ન ઊભો થવાનો છે.'' તમે જનરલ ઝેડ નથી. કોર્ટે આગળ પૂછ્યું કે જનરલ ઝેડનો અર્થ શું છે. કોર્ટને કહેવામાં આવ્યું કે જનરેશન ઝેડ એટલે ૧૯૯૭ પછી જન્મેલા લોકો.

સુનાવણી દરમિયાન, આશુતોષ અને સૌરભ દાસના વકીલે જણાવ્યું કે મેજિસ્ટ્રેટે ૧૯ ઓક્ટોબરે તેમના દ્વારા ઉભા કરાયેલા ખતરા વિશે કોઈ સ્પષ્ટતા કરી નથી. ન્યાયાધીશ પ્રસાદે જવાબ આપ્યો, ''તમે બંધન તોડ્યું, શું તે પૂરતું નથી? સ્વતંત્રતા પવિત્ર છે, પરંતુ ચોક્કસ જોગવાઈઓ છે.'' સુનાવણી દરમિયાન, કોર્ટે કહ્યું કે મેજિસ્ટ્રેટ આજે તેમની ન્યાયિક કસ્ટડીની સુનાવણી કરશે. ''તમે તેમના નિર્ણયની રાહ જોઈ શક્યા હોત, પરંતુ તમે હાઈકોર્ટમાં આવ્યા,'' રંકા અને સૌરભના વકીલે જવાબ આપ્યો, ''આપણે વધુ બે દિવસ જેલમાં કેમ રહેવું જોઈએ?''

તેમના વકીલ અભિક ચિમનીએ જણાવ્યું કે મેજિસ્ટ્રેટ સમક્ષ બે જામીનદાર હાજર હતા, પરંતુ મેજિસ્ટ્રેટે તેમને સ્વીકાર્યા નહીં. તેમણે તેમની સાથે વાત પણ કરી નહીં. આ કાયદેસર રીતે અમાન્ય છે. ન્યાયિક કસ્ટડી વધારવાનો મેજિસ્ટ્રેટનો આદેશ ગેરકાયદેસર છે. આશુતોષ રંકા અને સૌરભ દાસને ૧૧ ઓક્ટોબરે દિલ્હી પોલીસે અટકાયતમાં લીધા હતા. શરૂઆતમાં તેમને પાંચ દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ, તેમની ન્યાયિક કસ્ટડી બે દિવસ માટે લંબાવવામાં આવી હતી. સુનાવણી દરમિયાન, કોર્ટે જણાવ્યું હતું કે મેજિસ્ટ્રેટ ૨૧ ઓક્ટોબરે આશુતોષ રંકા અને સૌરભ દાસના ન્યાયિક કસ્ટડી કેસની સુનાવણી કરશે, અને તેમને રાહત મળી શકે છે. કોર્ટે તેમના વકીલોને કહ્યું કે જો તેમને આજે રાહત નહીં મળે, તો તેઓ ફરીથી હેબિયસ કોર્પસ હેઠળ અરજી કરી શકે છે. આ પછી, તેમના વકીલોએ તેમની અરજીઓ પાછી ખેંચી લીધી. સુનાવણી દરમિયાન, દિલ્હી હાઈકોર્ટે ટિપ્પણી કરી, ''તમે જુલાઈમાં વિદ્યાર્થીઓ માટે વિરોધ કરી રહ્યા હતા. હવે તમે એક અલગ મુદ્દા પર વિરોધ કરી રહ્યા છો. જો તમે કાલે કોઈ અલગ મુદ્દા પર વિરોધ કરશો, તો આ પ્રશ્ન અનિવાર્યપણે ઉદ્ભવશે.''

ધરપકડ કે મૃત્યુનો ડર નથી

શેખ હસીનાએ જાહેર કર્યું ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પાછી ફરીશ

નવીદિલ્હી, તા. ૨૧

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન અને આવામી લીગના વડા શેખ હસીનાએ ધરપકડ, ત્રાસ અથવા મૃત્યુના જોખમ છતાં ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પાછા ફરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. ઓગસ્ટ ૨૦૨૪ માં તેમની સરકાર પડી ભાંગ્યા પછી હસીનાએ બાંગ્લાદેશ છોડી દીધું હતું અને હાલમાં ભારતમાં રહે છે. બાંગ્લાદેશ ભારતમાંથી તેમની પરત ફરવાની માંગ કરી રહ્યું છે. સોમવારે, વોશિંગ્ટન ડી.સી.માં સેન્ટર ફોર યુએસ-બાંગ્લાદેશ રિલેશન્સ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં વર્ચ્યુઅલી હાજરી આપનાર શેખ હસીનાએ કહ્યું, ''હું ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરીશ.'' તેમણે ઉમેર્યું કે જો વર્તમાન તારિક રહેમાન સરકાર તેમની ધરપકડ કરે, મારી નાખે અથવા ત્રાસ આપે, તો પણ તેઓ ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરશે.

ભૂતપૂર્વ વડા પ્રધાને કહ્યું, ''હું ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરીશ. મને ડર નથી. હું જાણું છું કે તેઓ મને મારી શકે છે, ધરપકડ કરી શકે છે અને ત્રાસ આપી શકે છે... પરંતુ પાછા ફરવાની જવાબદારી મારી છે.'' જોકે, તેમણે તેમના પરત ફરવાની ચોક્કસ તારીખનો ઉલ્લેખ કર્યો નથી. હસીનાએ કહ્યું કે બાંગ્લાદેશ પાછા ફરવાથી જેલ



થઈ શકે છે અથવા હિંસા થઈ શકે છે, પરંતુ તેઓ માને છે કે તેમણે રાજકીય જવાબદારી તરીકે તેમના સમર્થકો સાથે ઊભા રહેવું જોઈએ. તેમણે કહ્યું કે બાંગ્લાદેશ પાછા ફરવું તેમની જવાબદારી છે, અને તેમાં સામેલ જોખમો તેમને અટકાવશે નહીં. ''મને કોઈ પરવા નથી કે તે કેટલું જોખમી છે. મારે પાછા જવું પડશે,'' તેણીએ કહ્યું. શેખ હસીનાના પુત્ર, સજીબ વાઝેદ જોયે, પત્રકારોને જણાવ્યું હતું કે હજુ સુધી કોઈ તારીખ નક્કી કરવામાં આવી નથી અને યોગ્ય સમયે તેની જાહેરાત કરવામાં આવશે.

આવામી લીગના નેતા શેખ હસીના સત્તા પરથી હટ્યા પછી ભારતમાં રહે છે. રાજકીય ઉથલપાથલના આ સમયગાળા દરમિયાન તેમને આશ્રય આપવા બદલ તેમણે ભારત સરકાર અને લોકોનો આભાર માન્યો. ''ભારત સરકાર અને લોકોનો ખૂબ ખૂબ આભાર; તેમણે ૧૯૭૫ માં જેમ મને ભેટી હતી તેમ જ મને ભેટી,'' તેણીએ તે સમયને યાદ કરતા કહ્યું જ્યારે તેમના પરિવારના ઘણા સભ્યોની હત્યા કરવામાં આવી હતી, અને તેઓ અને તેમની બહેન કોઈક રીતે ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. ભૂતપૂર્વ વડા પ્રધાને તેમના રાજકીય કારકિર્દીના એવા કિસ્સાઓ પણ યાદ કર્યા જ્યારે તેઓ તેમના જીવને જોખમ હોવા છતાં બાંગ્લાદેશ પરત ફર્યા. આમાં ૧૯૭૫ માં તેમના પિતા, શેખ મુજીબુર રહેમાન અને પરિવારના અન્ય સભ્યોની હત્યા પછી ઘણા વર્ષો વિદેશમાં વિતાવ્યા પછી ૧૯૮૧ માં તેમના પરત ફરવાનો સમાવેશ થાય છે. ૨૦૦૭ ની રાજકીય કટોકટી દરમિયાન પણ તેઓ પાછા ફર્યા હતા, જ્યારે તેઓ ફોજદારી આરોપોનો સામનો કરી રહ્યા હતા.

શેખ હસીનાએ વડા પ્રધાન તારિક રહેમાનના નેતૃત્વ પર તેમના અને અવામી લીગના સભ્યો સામે ફોજદારી કેસ શરૂ કરીને રાજકીય વિરોધને દબાવવાનો પ્રયાસ કરવાનો આરોપ પણ લગાવ્યો. આ કેસોની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવતા, તેમણે કહ્યું કે રાજકીય નેતાઓ સામેના આરોપોનો નિષ્પક્ષ ન્યાયિક પ્રક્રિયા દ્વારા ઉકેલ લાવવો જોઈએ.

આંદામાન-નિકોબારમાં ત્રણેય દળોની કવાયત

જહાજો અને વિમાનોને અપાઈ ચેતવણી : હવાઈ ગોળીબાર કવાયત શરૂ



નવીદિલ્હી, તા. ૨૧

ભારતે પોતાની લશ્કરી તાકાત અને તૈયારીઓને મજબૂત બનાવવા માટે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ત્રણ દિવસનો વિશાળ લશ્કરી કવાયત શરૂ કરી છે. આ ''હવાઈ ફાયરિંગ ડ્રીલ''માં ત્રણેય સેવાઓ સામેલ છેઃ સેના, નૌકાદળ અને વાયુસેના. તેનો ઉદ્દેશ્ય હિંદ મહાસાગરમાં ભારતની સંરક્ષણ તૈયારીઓને મજબૂત બનાવવા, શસ્ત્ર પ્રણાલીઓનું પરીક્ષણ કરવા અને ત્રણેય સેવાઓ વચ્ચે સંકલન વધારવાનો છે. આ ત્રિ-સેવા કવાયત શ્રી વિજયપુરમ નજીક ૨૨ ઓક્ટોબર સુધી ચાલુ રહેશે. આંદામાન અને નિકોબાર કમાન્ડે આ સમયગાળા દરમિયાન સમુદ્રમાં જહાજો અને હવામાં ઉડતા વિમાનોને ચેતવણી જારી કરી છે. આ ચેતવણી હેઠળ, તેમને ૨૨ ઓક્ટોબર સુધી સવારે ૧૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી નિયુક્ત વિસ્તારથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું છે. આ કવાયત આ ક્ષેત્રમાં ભારતની વ્યૂહાત્મક સ્થિતિને મજબૂત બનાવશે.

આંદામાન અને નિકોબાર ભારતના મુખ્ય કમાન્ડમાંનું એક છે. તે ત્રણેય સેવાઓ સાથે નજીકથી કામ કરે છેઃ સેના, નૌકાદળ અને વાયુસેના. આ લશ્કરી કવાયતમાં નૌકાદળ અને વાયુસેનાના ફાઇટર એરક્રાફ્ટ અને અન્ય લશ્કરી પ્લેટફોર્મનો સમાવેશ થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કવાયત દરમિયાન ફાઇટર એરક્રાફ્ટમાંથી આર્ટિલરી ફાયર, મિસાઇલ અને રોકેટનું પરીક્ષણ કરવામાં આવી શકે છે. જોકે, સૈન્યએ આ કવાયતના શસ્ત્રો અને પ્રવૃત્તિઓની સંપૂર્ણ વિગતો જાહેર કરી નથી. આંદામાન અને નિકોબાર ટાપુઓ ભારતની મુખ્ય ભૂમિથી આશરે ૧,૨૦૦ કિલોમીટર દૂર છે. આ પ્રદેશ મલાક્કાની સામુદ્રધુની પાસે સ્થિત છે, જે વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ વેપાર માર્ગોમાંનો એક છે. હિંદ મહાસાગરમાં તેની મહત્વપૂર્ણ સ્થિતિને ધ્યાનમાં રાખીને, અહીં લશ્કરી તૈયારીઓને મજબૂત બનાવવી મહત્વપૂર્ણ છે. આ વર્ષની શરૂઆતમાં, આંદામાન અને નિકોબાર કમાન્ડે ૨૪ થી ૨૮ માર્ચ, ૨૦૨૬ દરમિયાન ''કસરત દ્વીપ શક્તિ'' નામની એક મોટી ત્રિ-સેવા સંયુક્ત લશ્કરી કવાયતનું આયોજન કર્યું હતું. સેના, નૌકાદળ અને વાયુસેના, કોસ્ટ ગાર્ડ સાથે, આ કવાયતમાં ભાગ લીધો હતો. આ ક્ષેત્રમાં મજબૂત લશ્કરી હાજરી ભારતના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરે છે. ત્રણેય સેવાઓએ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હવાઈ ગોળીબાર કવાયત શરૂ કરી છે. આ લશ્કરી કવાયત શ્રી વિજયપુરમ નજીક ૨૨ ઓક્ટોબર સુધી ચાલુ રહેશે. આ અંગે જહાજો અને વિમાનોને ચેતવણી આપવામાં આવી છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

ચિંતનની ક્ષણે

શું માનવીય જીવનને ગુણ સભર બનાવવા માટે આત્મા, પરમાત્મા, ધર્મ, કે ઈશ્વરગત ઈતિહાસ મહત્વના છે??



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આમ તો આજે ગુરુવાર એટલે પ્રાર્થના નો દિવસ પણ હવે દિવાળી પછી વિષય પર ચિંતન કરીશું, ત્યાં સુધી કંઈક વિશેષ. એક મહિનાનો ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન એક વાતની નોંધ લીધી કે ત્યાં દારુ અને બીયર બહુ પિવાય, અને એ પણ એક વીકની કમાણી એક વીકમા પૂરી થઈ જાય એ હદે, અને એ રીતે જોઈએ તો પૂર્વની સંસ્કૃતિ અને પશ્ચિમની સંસ્કૃતિમાં લાખગાડાનો ફેર છે, અને એ આપણે સૌ જાણીએ છીએ. આપણી સંસ્કૃતિમાં માત્ર સ્થૂળ શરીરને મહત્વ આપવામાં આવ્યું નથી, જ્યારે એ સંસ્કૃતિમાં શરીરને લગતા ભોગ કે વિષયને જ જીવન કહેવાયું છે. હાલાકી આજનો સમાજ થોડો થોડો એ તરફ જઈ રહ્યો છે, પરંતુ છતાં હિન્દુ સંસ્કૃતિના મૂળિયા એટલા મજબૂત છે કે, જન્મથી મૃત્યુ સુધીની જીવન યાત્રામાં જીવ પૂર્ણપણે અન્ય સંસ્કૃતિ અપનાવી શકતો નથી, અને એની માટેના મુખ્ય ચાર કારણ છે, જેની પર એક સુંદર આધ્યાત્મિક ચિંતન થઈ શકે એમ છે એવું લાગ્યું.

આત્મા, પરમાત્મા, ધર્મ, કે ઈશ્વર ગત ઈતિહાસ! આ બધું શું ખરેખર માનવ જીવને ગુણથી ભરે છે?

સૌપ્રથમ તો અહીં એક વાત ક્લિયર કરવી પડે કે આપણા મગજમાં આત્મા, પરમાત્મા, ધર્મ, કે ઈશ્વરગત ઇતિહાસ માટે કેવી કેવી ગ્રંથિઓ છે!; આપણી માન્યતા આ બધાં માટે સરળ રહીં શકે એવી હોવી જોઈએ, એનુ કોઈ નિશ્ચિત રુપ કે સ્વરૂપ નથી, પણ આ બંધુ આપણામાં માનવતાનું સીંચન કરે ! સંવેદના ભરે, સાત્વિક શ્રદ્ધાવાન બનાવી રાખે, સર્વના હિતકારી, શુભકારી નિર્ણય ને અનુસરી શકે! એ બહુ મહત્વનું છે.

એકદમ સત્યસ્થ થઈને કહીએ તો આત્મા અને પરમાત્મા બંને સૌ કોઈ માટે સહજતાથી સ્વીકારી શકાય એવું સત્ય નથી. એટલે કે એક ધારણાથી શરૂ થાય છે, પણ ચિંતન કરીએ તો નાની મોટી અનુભૂતિ પણ પ્રાપ્ત થઈ શકે! અને મોટાભાગનાનો એ અનુભવ પણ રહ્યો હશે કે, કોઈ આંતરિક શક્તિ કે તેનો અવાજ જીવનની દિશાને નીતિ તરફ દોરવા માટે હંમેશા પ્રયત્ન કરે છે. હા આપણાં કાન એ સાંભળવા ટેવાયેલા ન હોવાથી મોટાભાગનાં એને સાંભળી શકતા નથી, અને એને પરિણામે અત્યારના સમાજમાં આત્મા પરમાત્મા કે ધર્મને લઈને લોકોની વૈચારિકતામાં વિભિન્નતા પ્રવર્તે છે. પણ એને કારણે આત્મા તત્વ જેવું કંઈ નથી હોતું! એ તથ્ય કાઢી શકાય નહીં! કારણકે પાયા વગરની ઈમારતો જીંદગીના આટલાં તોફાનો સહન કરી શકે નહીં! ભારતીય સંસ્કૃતિમાં પૂર્વ જન્મ અને પુનર્જન્મની વાત પણ છે, તો એક બીજી વાત એ પણ છે કે, આત્મા પરમાત્માને સીધી રીતે સ્વીકારી શકનારા જીવ પૂર્વ જન્મમાં આધ્યાત્મિક સંસ્કારનો વારસો ધરાવતા હોઈ શકે, એવું પણ એક તારણ છે! ઉપરાંત આવાં જીવની સંતતિ સંસ્કારને કારણે આ સત્ય સહજતાથી સ્વીકારી શકે! અને એથીય વધુ આપણી પાસે તો શ્રીમદ્ ભગવદ્ ગીતા નામે પ્રુફ પણ છે! કે દરેક પ્રાણી માત્રમાં ઈશ્વર અંશ તરીકે આત્મા છે! નરસિંહને એની અનુભૂતિ થઈ હશે! ત્યારે તો એણે લખ્યું છે કે, ''જ્યાં લગી આત્મા તત્વ ચીન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી''! તો આત્માનો અવાજ સાંભળીને આત્મ અંદર બિરાજમાન છે, એ સત્યનો સ્વીકાર કરીને જ આધ્યાત્મ યાત્રામાં પગરણ માંડી શકાય છે.

આત્મા છે, એ સત્ય સ્વીકારી લ્યો તો પરમાત્મા છે, એ સ્વીકારવું થોડું સરળ રહે! કારણ કે આટલી મોટી જીવ સૃષ્ટિનું સંચાલન કોઈને કોઈ શક્તિ તો કરી જ રહી છે, પછી તેને તમે ગમે તે નામ આપો, પણ એ છે, એ ૧૦૦ ટકાની વાત છે. ઉપરાંત આંતર બાહ્ય પ્રકૃતિનું સંચાલન પણ સફળતા પૂર્વક થાય છે! સમયે સૂર્યોદય અને સમયે સૂર્યાસ્ત! એકમથી પૂનમ સુધી ચંદ્રની કલાનું વધવું ઘટવું! ઋતુઓની આવન જાવન ! આ બધાનું નિષ્પક્ષ થઈને ચિંતન કરીએ, કે કોણ કરે છે આ બધું? જરૂર સત્ય સમજાશે, અને એ નિસ્વાર્થ શક્તિ તરફ પ્રેમ પણ થશે! હવે આંતર પ્રકૃતિની વાત કરીએ તો? ભૂખનો અહેસાસ કોણ કરાવે છે? અને તૃપ્તિનો અહેસાસ પણ કોણ કરાવે છે? સૂવું જાગવું એ માત્ર ક્રિયા નથી! આપણાં કમ્ફર્ટ માટે ઈશ્વરે મુકેલી સુવિધા છે! વ્યવહારમાં ગમો અણગમો ક્રોધ કામ લોભ આ બધા ભાવ શું કામ થાય છે?; કોઈ વગર કારણે શું કામ ગમે છે? ઉગતાં સૂર્ય સામે નિર્વિચાર થઈ બેસવા કે ઉભા રહેવાથી આંખો દિવસ નિર્વિકાર જઈ શકે છે, એ અનુભવ કરવા જેવો ખરો ! અને એ સાબિત કરે છે કે પ્રકૃતિની નિઃસ્વાર્થતા આપણી પર પ્રભાવ પાડે છે, અને વારંવારના આ પ્રયોગથી જીવન નિઃસ્વાર્થતા તરફ પ્રયાણ કરે છે.

ઈશ્વરગત ઇતિહાસનાં આપણી પાસે વેદથી શરૂ કરીને ઘણા પ્રમાણ છે, અને એ પણ અભ્યાસનો વિષય છે! એટલે કાં તો સ્વીકાર કરી લેવો પડે અને કાં તો અધ્યયન કરવું પડે, ત્યારે આ સત્ય સમજાય! પણ અધ્યયન કરવાથી અહીં ખતરો છે, કારણ કે જે તે સમયે આ બધા ગ્રંથોની ઉત્પત્તિ થઈ, એ એ કાળ સંદર્ભમાં આપણે મુલવી શકીએ તો જ તેનાં સારને પામી શકીએ! અને તો ગેબ ગેબી નાં પેટાળના રહસ્યો જાણી શકાય! અને આગળ તો ચૌદ બ્રહ્માંડની એ પરમ શક્તિના નિર્ગુણ, નિરાકાર, અને નિર્વિકાર સ્વરૂપનો ભાસ પણ થાય.

માનવીની સમસ્યા એ નથી કે આત્મતત્વને સ્વીકારી શકતો નથી, કે પછી પરમાત્માને સ્વીકારી શકતો નથી, પરંતુ એની માટે અત્યારે સૌથી મોટી કોઈ સમસ્યા હોય તો એ સાચો ધર્મ કયો છે? અને એ ન સમજી શકવાની એક ભૂલ ને કારણે, હિન્દુ સંસ્કૃતિની આટલી વિશ્વ ફલક પર વિસ્તૃત રીતે ફેલાયેલી હોવા છતાં ડગમગી રહી છે, અને એને કારણે ભારતીય સમાજની દુર્દશા થઈ રહી છે. સતયુગની વાત જવા દઈએ તો ત્રેતામાં એક રામ સામે એક રાવણ, દ્વાપરમાં પાંચ પાંડવ સામે ૧૦૦ કૌરવ અને કળિયુગમાં તો એક સામે લાખો!: આવો રેશિયો નીકળે! એટલે બાકીનું બધું તો સત્ય છે જ, પરંતુ આપણે જે ધર્મને નામે સત્યને મુલવવાનું હતું, ત્યાં આપણે કાચા પડ્યાં, અને એને કારણે ફરી પાછો એકડો ઘૂટવાની કગાર પર આવી ગયાં !એટલે કે આત્મા પરમાત્મા શું એ બધું સાચું છે? એ પ્રશ્ન નથી પણ' માત્ર ધર્મ પર ચિંતન કરવું પડશે, અને આપણે જે કુળ પરંપરામાં ધર્મ નિભાવી રહ્યા છીએ એ ધર્મ આપણને શું શીખવે છે? એ સત્યસ્થ થઈને મુલવવું પડશે, અને જો એ આપણને માનવ થતા રોકતા હોય, અથવા તો અન્યને પણ કોઈ ઇષ્ટ છે! કે અન્યનું પણ કોઈ સત્ય છે! અન્યને પણ કોઈ ધર્મ છે! એ સ્વીકારવા ન દે તો એવા ધર્મને ગુડ બાય પણ કહેવું પડશે!; પણ આપણી સરળતાનો અન્ય ધર્મ અન્યાર્થ ન કરે એ પણ જોવું રહ્યું. બસ આટલી સીધી વાતને સ્વીકારી લેવાથી જ તન મન શુદ્ધ થવા લાગે છે, અને જીવન પણ સરળ બને છે! સરળતા જ શાંતિ સુધી લઈ જશે! આ પરમ વિશ્વાસને વળગીને આપણે જીવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. તો આજના દિવસના સૌને સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

વડાપ્રધાનની વિચારધારાના પોતે વિરોધી હોવાથી હરકતને અંજામ આપ્યાનું રટણ કર્યુઃ ચારેક સામે એફઆઈઆર

ચાર જણાએ PMના પોસ્ટરનું દહન કરી ફેસબૂક લાઈવ કર્યું!

પીડીએમ કોલેજ નજીક મામલતદાર કચેરી પાસેનો વિડીયો વાયરલ થતાં માલવીયાનગર પોલીસે તેના આધારે ચારેયને શોધી કાઢી ગુનો દાખલ કર્યો

રાજકોટ તા. ૨૧

વિજયાદસમીના દિવસે દેશભરમાં ઠેકઠેકાણે રાવણના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું અને દશેરાની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે રાજકોટમાં પણ રાવણના પુતળાનું દહન થયું હતું. પરંતુ ચારેક જણા એવા પણ હતાં જેણે ગોંડલ રોડ પીડીએમ કોલેજ પાસે આવેલી મામલતદાર કચેરી પાસે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પોસ્ટરોનું દહન કર્યુ હતું અને પોતાની આ કરતૂતને ફેસબૂક પર લાઈવ પણ કરી હતી. પોતાને સામાજીક આગેવાન તરીકે ઓળખાવનારા આ ચારેયની પોલીસે ઓળખ મેળવી લઈ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં વીસમીએ દશેરાના દિવસે ગોંડલ રોડ પી. ડી. માલવીયા કોલેજ નજીક મામલતદાર કચેરી પાસે કેટલાક શખ્સોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પોસ્ટરને જાહેરમાં સળગાવી આ ઘટનાને ફેસબૂકમાં લાઈવ કરતાં વિડીયો વાયરલ થતાં માલવીયાનગર પોલીસે તપાસ કરી ચાર શખ્સોને શોધી કાઢી તેની સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. આ ચારેયએ પોતે સામાજીક આગેવાન હોવાનું અને મોદીજીની વિચારધારાના વિરોધી હોવાથી પોસ્ટર સળગાવીને ફસબૂક લાઈવ કર્યાનું રટણ કર્યુ હતું. આ બનાવમાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ બી. શેખલીયાની ફરિયાદ પરથી એફઆઈઆર દાખલ કરી હતી.

આ એફઆઈઅમારમાં આરોપી તરીકે ગોંડલ રોડ પીએનટી કોલોની ગીતાનગર-૭ આસોપાલવ એપાર્ટમેન્ટ ચોથા માળે રહેતાં જીતેન્દ્ર હેમેન્દ્રભાઈ કોટેચા, ગોંડલ રોડ દ્વારકાધીશ સોસાયટી-૧માં રહેતાં મગન ગોપાલભાઈ ડરાણીયા, ગોકુલધામ આરએમસી ક્વાર્ટર બ્લોક નં. ૪૩ રૂમ નં. ૧૮૧૧માં રહેતાં શક્તિસિંહ કિરીટસિંહ ઝાલા તથા ગોકુલધામ આરએમસી ક્વાર્ટર બ્લોક નં. ૧૧ રૂમ નં. ૧૪૨૦માં રહેતાં કમલેશ સુમનભાઈ પારેખના નામો જોડાયા હતા. એએસઆઈ કેતનભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે તા. ૨૦/૧૦/૨૦૨૬ ના રોજ સોશિયલ મીડિયા એપ્લિકેશન ફેસબુક પર જીતુભાઈ કોટેચા નામના આઈ.ડી. પરથી એક લાઈવ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો. આ વીડિયોમાં કેટલાક શખ્સો ભેગા મળીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું પોસ્ટર જાહેરમાં સળગાવતા અને મોબાઈલ ફોનમાં વીડિયો લાઈવ કરતા જણાયા હતા.

આ ઘટના ધ્યાને આવતા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન વીડિયોમાં દેખાતા ચારેય શખ્સોની અટકાયત કરી પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન આરોપીઓએ સ્વીકાર્યું હતું કે વિજયાદશમી દશેરા નિમિત્તે રાજકોટના ગોંડલ રોડ સ્થિત દક્ષિણ મામલતદારની કચેરીની દીવાલ પાસે વડાપ્રધાનશ્રીના ફોટાવાળું પોસ્ટર સળગાવવામાં આવ્યું હતું અને તેને જીતુભાઈ કોટેચાના આઈ.ડી. પરથી ફેસબુક લાઈવ કરીને અપલોડ કરવામાં આવ્યું હતું.પકડાયેલામાં જીતેન્દ્રભાઈ કોટેચા અને મગનભાઈ ડાભીયા, શક્તિસિંહ ઝાલા અને કમલેશભાઈ પારેખ એમ ચારેય સામાજીક આગેવાન છે.



રેલનગર આસ્થા ચોકમાં કાર ઉપર કાચની બોટલો ફેંકી તોડફોડ કરાયા બાદ પાનની દૂકાનમાં પણ તોડફોડઃ પોલીસે બે ગુના દાખલ કયા

પોતે માદીજીની વિચારધારાના વિરોધી હોઈ જેથી દશેરાને દિવસે તેનું પોસ્ટર જાહેરમાં સળગાવી લાઈવ કર્યુ હોવાનું કબુલ્યું હતું. રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા કોઈ પણ વ્યક્તિનું પુતળું કે આકૃતિ બાળવા, સળગાવવા કે દેખાડા કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ બહાર પાડવામાં આવેલું છે અને તે અમલમાં છે. આ જાહેરનામાનો સમાન ઈરાદાથી ભંગ કરવા બદલ તમામ ચારેય આરોપીઓ સામે ગુનો દાખલ કરાયો છે. પીઆઈ જે. એમ. કૈલાની રાહબરીમાં પીએસઆઈ કે. ડી. મારૂ, એએસઆઈ કેતનભાઈ શેખલીયા, કેતનભાઈ પટેલ સહિતે ફેસબૂક લાઈવને આધારે ચારેયને શોધીને કાર્યવાહી કરી હતી. વિરોધ કરવાનો અહિ લોકશાહીમાં સૌને અધિકાર છે પરંતુ એ માટે પોલીસ કમિશનરના જાહેરનામાને પણ ધ્યાને લેવાનું હોય છે. જાહેરનામનો ભંગ થાય તો પોલીસ કાર્યવાહી કરતી હોય છે. જે આ કિસ્સામાં પોલીસે કર્યુ હતું.

અન્ય બે બનાવમાં સામ સામે તોડફોડની ઘટના બની હતી. શહેરના રેલનગર વિસ્તારમાં આવેલ આસ્થા ચોક નજીક તોડફોડ અને પથ્થરમારાની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. ગરબા રમીને પરિવાર સાથે કારમાં પરત ફરી રહેલા યુવક પર અજાણ્યા શખ્સો દ્વારા કાચની બોટલો અને પથ્થરો વડે હુમલો કરવામાં આવ્યો હતો. તો બીજી તરફ નજીકમાં જ આવેલી પાનની દુકાનમાં પણ તોડફોડ કરી સીસીટીવી કેમેરા તોડી પાડવામાં આવ્યા હોવાની ઘટના બની છે. આ બંને બનાવો અંગે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં બે ફરિયાદ દાખલ થઈ હતી. આ બનાવમાં રેલનગર સાધુ વાસવાણી કુંજ રોડ પર રાધીકા રેસીડેન્સી શેરી નં. ૧ ખાતે રહેતાં અને પ્રાઈવેટ નોકરી કરતાં એકત્રીસ વર્ષના યશરાજસિંહ દુષ્યંતસિંહ સરવૈયની ફરિયાદ પરથી સાહિલ રત્ના અને તપાસમાં ખુલે તેની સામે ગુનો નોંધાયો છે.

ફરિયાદમાં તેણે જણાવ્યું હતું કે તેઓ પોતાની ગ્રાન્ડ વિટારા કાર નં. જીજે૦૩પીજે-૮૩૧૬માં મિત્ર ધવલ સોસા, તેમના બહેન પૂજાબેન અને નાની દિકરી આદ્યા સાથે સહિયર ગરબામાંથી પરત આવી રહ્યા હતા. પૂજાબેન અને તેમની દિકરીને આસ્થા ચોક નજીક આનંદ સ્કૂલ પાસે મૂકીને જ્યારે તેઓ પરત ફરી રહ્યા હતાં ત્યારે અચાનક અજાણ્યા શખ્સો દ્વારા તેમની કાર પર કાચની બોટલો તથા પથ્થરો ફેંકવામાં આવ્યા હતા. આ હુમલામાં કારના આગળના કાચમાં તિરાડ પડી તૂટી ગયો હતો અને દરવાજામાં ભારે નુકસાન થયું હતું. યશરાજસિંહે જણાવ્યું હતું કે કોઈ બીજા વ્યક્તિ સમજીને ભુલથી તેમની કાર પર આ હુમલો કરાયો હોવાની શંકા છે, જેમાં સાહીલ નામના શખ્સ અને અન્ય અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

બીજી એક ફરિયાદમાં પોપટપરા મેઈન રોડ આસ્થા ચોક રેલનગર-૨ ખાતે રહેતાં પચાસ વર્ષના સલિમભાઈ દાઉદભાઈ ચાનીયા નામના પાનના વેપારીની ફરિયાદ પરથી સાહિલ વ્યાસ (રહે. ક્રિષ્ના પાર્ક રેલનગર-૨), પિયુષ ભરવાડ (રેલનગર-૨) અને અજાણ્યા સામે ગુનો નોંધાયો છે. સલીમભાઈ કાજલ પાન નામે આસ્થા ચોકમાં દુકાન ધરાવે છે. સલીમભાઈ વહેલી સવારે સાડા ચારથી પાંચ વાગ્યાના સુમારે પોતાની દુકાન ખોલવા ગયા ત્યારે દુકાનમાં તોડફોડ થયેલી જોવા મળી હતી. તેમણે દુકાન પર લાગેલા સીસીટીવી કેમેરા ચકાસતા માલૂમ પડ્યું હતું કે વહેલી સવારે પોણા પાંચ વાગ્યાની આસપાસ બે શખ્સોએ તેમની દુકાન તથા કેમેરા પર પથ્થરો અને કાચની બોટલો મારીને નુકસાન પહોંચાડ્યું હતું. સલીમભાઈએ સીસીટીવી ફૂટેજના આધારે રેલનગરમાં જ રહેતા સાહીલ વ્યાસ અને પિયુષ ભરવાડ સામે ગુનો દાખલ કરાવ્યો હતો. પ્ર.નગર પીઆઈ એમ. ડી. મકવાણાની રાહબરીમાં હેડકોન્સ. એમ. એમ. ટંકારીયાએ બંને ફરિયાદ દાખલ કરી છે. એએસઆઈ રણજીતસિંહ પઢારીયા વધુ તપાસ કરે છે. કાર પર હુમલો કરનારા સાહિલ નામનો શખ્સ એ સલિમભાઈનો ભત્રીજો હોવાનું ખુલ્યું હતું. તેને સામેવાળા સાહિલ વ્યાસ સાથે માથાકુટ થઈ હોઈ યશરાજસિંહ તેના તરફથી આવ્યાનું સમજી ભુલથી તેની કારમાં તોડફોડ કરી નાંખી હતી.

પાડોશીના ત્રાસથી વૃધ્ધે પીધું ઝેર

આનંદનગર કોલોનીની ઘટનામાં પાડોશી મહિલા, તેની બે દિકરી અને પતિ વિરૂધ્ધ ભક્તિનગરમાં ગુનો દાખલઃ મહિલાના પતિએ ધમકી પણ દીધી

રાજકોટ તા. ૨૧

પહેલો સગો પાડોશી એવી કહેવત છે. પરંતુ ઘણીવાર પાડોશી પરેશાનીનું અને ત્રાસનું કારણ બની જતાં હોય છે. આવી જ એક ઘટના કોઠારીયા રોડ પર આનંદનનગર કોલોનીમાં બની છે. અહિ રહેતાં અને સાઉન્ડ સીસ્મટ રીપેરીંગનું કામ કરતાં પ્રૌઢ પાડોશી પરિવારના ત્રાસથી કંટાળી ઝેરી દવા પી જતાં સારવાર માટે દાખલ કરાયા છે. દોઢેક વર્ષથી સતત ત્રાસ હોઈ અને દુકાને આવીને પણ ટાંટીયા ભાંગી નાંખવાની ધમકી અપાઈ હોઈ આ પગલુ ભર્યુ હતું.

વધુ માહિતી અનુસાર આ બનાવમાં ભક્તિનગર પોલીસે આનંદનગર કોલોની બ્લોક નં. એચ-૩, ક્વાર્ટર નં. ૧૪૨ ગાયત્રી મંદિરની સામે રહેતાં અરવિંદભાઈ બાબુભાઈ ગોરવાડીયા નામના સતાવન વર્ષના પ્રૌઢની ફરિયાદ પરથી તેમના પાડોશી મધુબેન કારીયા, તેણીની બે દિકરીઓ પૂનમબેન, ચકીબેન અને તેણીના પતિ જીતુભાઈ કારીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. અરવિંદભાઈ ગત રાતે ઝેરી દવા પી જતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તેઓ પરિવાર સાથે રહે છે અને સાઉન્ડ સિસ્ટમ રિપેરિંગનું કામ કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે વીસમીના સવાર આઠેક વાગ્યે તેઓ તથા તેમના પત્નિ હીરાબેન લેબોરેટરીમાં રિપોર્ટ કરાવવા માટે ઘરની બહાર નીકળ્યા હતા. આ વખતે તેમના બ્લોકની સામે રહેતા મધુબેન કારીયા પોતાના રૂમ આગળ ઓટો બનાવી રહ્યા હતા. આ સમયે લોબીમાંથી પસાર થતી વખતે મધુબેનના ભાણેજ બીટુનો હાથ હીરાબેનના હાથમાં રહેલી થેલી સાથે અડી જતાં મામલો બિચક્યો હતો.

મધુબેને હીરાબેનને ભાળતી નથી તેમ કહી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ મધુબેનની બંને દિકરીઓ પૂનમબેન અને ચકીબેન પણ ત્યાં આવી પહોંચી હતી અને હીરાબેન સાથે બોલાચાલી કરી ગાળો આપવા લાગી હતી.

આ બનાવ બાદ અરવિંદભાઈએ તેમના મિત્ર ચંદ્રકાંતભાઈ ગોસાઈને વાત કરી ૧૧૨ પોલીસ મોબાઈલ બોલાવી હતી અને પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. છેલ્લા દોઢેક વર્ષથી સામાપક્ષના મધુબેન કારીયા અને તેમનો પરિવાર અવારનવાર નાની-નાની બાબતોમાં ઝઘડો કરી હેરાન-પરેશાન કરતા હોવાથી અરવિંદભાઈ સતત ચિંતા અને ટેન્શનમાં રહેતા હતા. પાડોશીઓના આ સતત ત્રાસથી કંટાળીને અરવિંદભાઈએ બપોરના સમયે પોતાના ઘરે એકલા હતા ત્યારે ઘરમાં રાખેલ મચ્છર મારવાનું ઓલઆઉટ લિક્વિડ પી લીધું હતું.

પત્નિ અને પુત્ર વિશાલ ઘરે આવતાં બનાવની જાણ થઈ હતી, જેથી તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ફરિયાદમાં વધુમાં જણાવાયા મુજબ ગઈ તારીખ ચૌદમીના રોજ સાંજે ચારેક વાગ્યે અરવિંદભાઈ ભૂપેન્દ્ર રોડ પર શિરોમણી કોમ્પ્લેક્સમાં આવેલી પોતાની દુકાને હતાં ત્યારે મધુબેનના પતિ જીતુભાઈ કારીયા ત્યાં આવ્યા હતા અને 'ટાંટિયા ભાંગી નાખી ઉપાડી લેવો છે' તેમ કહી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ જે. ડી. પરમારની રાહબરીમાં પીએસઆઈ વી.એલ. રાઠોડ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે અરવિંદભાઈનું નિવેદન લઈ તેમની ફરિયાદ પરથી મધુબેન, તેના દિકરીઓ પૂનમબેન, ચકીબેન અને પતિ જીતુભાઈ કારીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ચોટીલાના મનોજ પાસેથી પદાર્થ લાવ્યાનું રટણઃ રીમાન્ડ મેળવવા તજવીજ

MD ડ્રગ્સ સાથે એક શખ્સ ઝડપાયો

રાજકોટ તા. ૨૧

શહેરમાં દારૂની સાથે ડ્રગ્સની હેરાફેરી અવાર-નવાર થતી રહે છે અને પોલીસ પણ વારંવાર માદક દ્રવ્યો સાથે પેડલરો, સપ્લાયરોને પકડતી રહે છે. વધુ એક વખત શહેર એન્ટી નાર્કોટીકસ વિંગે ફરી સપાટો બોલાવ્યો હતો. જેમાં રૈયાધાર વિસ્તારમાં રહેતા અને અગાઉ ધાડ, મારામારી દારૂ સહિતના ગુનામાં સંડોવાઈ ચુકેલા શખ્સને મેફેડ્રોનના જથ્થા સાથે દબોચી લઈ રૂા. ૮૫ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો. એન્ટી નાર્કોટીકસ વિગ્સના પીઆઈ બી.બી.જાડેજા, એન.બી.ચૌધરીની રાહબરીમાં પીએસઆઈ વી.વી.ધ્રાંગુના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમા હતી ત્યારે રૈયાધારમાં શાંતી નીકેતન મેઈન રોડ પર શાંતીનિકેતન ગેઈટની અંદર આકૃતિઓરા એપાર્ટમેન્ટથી આગળ એક શખ્સ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો લઈને નિકળવાનો હોવાની બાતમી મળી હતી.

જેના આધારે એએનડબલ્યુની ટીમે વોચ ગોઠવી હતી. દરમિયાન



ત્યાંથી એકટીવા પર એક શખ્સ નિકળતા તેને અટકાવી પુછતાછ કરતાં પોતાનું નામ રોહિત ઉર્ફે પિયુષ પરેશભાઈ ડાભી (રહે. રૈયાધાર દશામાના મંદિર પાસે, મફતીયાપરા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની તલાસી લેતા રૂા. ૩૪,૮૦૦ ની કિંમ્મતનો માદક પદાર્થ મેફેડ્રોનનો ૧૧.૬૦ ગ્રામનો જથ્થો મળી આવતા ડ્રગ્સ, ફોન અને એકટીવા સહિત રૂા. ૮૫,૧૦૦ નો મુદામાલ કબ્જે કરી તેની સામે કાર્યવાહી કરી હતી. આરોપી રોહિત ઉર્ફે પિયુષ અગાઉ ૨૦૨૧ માં દારૂના, ૨૦૨૩ માં ધાડ અને ૨૦૨૨ માં મારામારી સહિત ગાંધીગ્રામ અને યુનિવર્સિટી પોલીસ મથકના ચોપડે ચડી ચૂકયો હતો. પીઆઈ બી. બી. જાડેજા, એસઓજી પીઆઈ એન. બી. ચૌધરી, પીએસઆઈ વી. વી. ધ્રાંગુ, એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા, ફિરોઝભાઈ રાઠોડ, પો. હેડ કો. મૌલિકભાઈ સાવલીયા, દિગ્વિજયસિંહ ગોહેલ, હાર્દિકસિંહ પરમાર, પો. કો. યોગેન્દ્રસિંહ ઝાલા, ડ્રાઈવર લોકરક્ષક નરેશભાઈ બારૈયા તથા નિર્મળસિંહ જાડેજાએ કરી હતી. તેમજ પ્રાથમિક પરીક્ષણ કરી અભિપ્રાય એફ. એસ. એલ. અધિકારી એસ. જે. જોષીએ આપ્યો હતો.

વધુ માહિતી અનુસાર એન્ટી નાર્કોટીકસ વિંગ (એ.એન.ડબલ્યુ)ની ટીમે રૈયાધાર વિસ્તારમાં શાંતી નિકેતન રોડ પર દરોડા પાડી મેફેડ્રોન ડ્રગ્સ સાથે રોહિત ઉર્ફે પિયુષ ડાભીને પકડી પુછતાછ કરતા તે ચોટીલાથી ડ્રગ્સ લાવ્યાની કેફીયત આપી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ, આરોપી રોહિત ઉર્ફે પીયુષ ગયા રવિવારે ચોટીલા ગયો હતો. જયાથી મનોજ ચૌહાણ નામના શખ્સ પાસેથી ૨૦ ગ્રામ જેટલું એમ. ડી. ડ્રગ્સ લઈ આવ્યો હતો. આરોપી પોતે પણ ડ્રગ્સ લેતો હોવાથી તેમાંથી થોડું ડ્રગ્સ તેણે લીધુ હતું. જયારે આશરે એક થી બે ગ્રામ ડ્રગ્સ તેણે અન્યને વેચી નાખ્યાનું જાણવા મળ્યું છે. તે આશરે ૭ થી ૮ મહિનાથી આ ડ્રગ્સના રવાડે ચડી ગયો હતો. હાલ તેની વધુ પુછતાછ હાથ ધરવાની સાથે એ.એન. ડબલ્યુની ટીમે ચોટીલાના ડ્રગ્સ સપ્લાયર મનોજને પકડવા ચકો ગતિમાન કર્યા હતાં. રીમાન્ડ દરમિયાન વધુ વિગતો સામે આવશે.

જુદી જુદી પાંચ ઘટનામાં પરિવારોના માળા થઈ ગયા વેરણ છેરણઃ પાંચ અપમૃત્યુ

વૃધ્ધ નવમા માળેથી પટકાતાં, સગીરાએ ફાંસો ખાતા જીવ ગયા

એક બાળાનું બેભાન હાલતમાં, એક યુવાનનું વાહન અકસ્માતમાં મોત થયું : એક મહિલાને દિલ દગો દઈ જતાં જીવ ગયો

રાજકોટ તા. ૨૧

અપમૃત્યુના વધુ પાંચ બનાવોમાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં. જેમાં જીવરાજ પાર્ક નજીક એપાર્ટમેન્ટમાં રહેતા ચીમોતેર વર્ષના વૃધ્ધ સાંજે નવમા માળેથી પટકાતાં ગંભીર ઈજાઓ થતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. વૃધ્ધને દોઢ બે વર્ષથી આંખે ઓછુ દેખાતુ હતું અને બીજી બિમારીની દવા પણ ચાલુ હતી. બનાવ અકસ્માતે બન્યો કે આપઘાત કર્યો? તે અંગે પોલીસે તપાસ યથાવત રાખી હતી. બીજી ઘટનામાં એક સત્તર વર્ષની સગીરાએ ગળાફાંસો ખાઈને મોત મેળવ્યું હતું. તો ત્રીજી ઘટનામાં સોળ વર્ષની બાળાનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું. એક યુવાનને વાહન અકસ્માતમાં ઈજા થવાથી મોત થયું હતું. જ્યારે એક મહિલાનું દિલની દગાખોરીથી મોત થયું હતું.

પ્રથમ ઘટના જોઈએ તો જીવરાજ પાર્ક પાસે સિધ્ધી એમ્પાયર એપાર્ટમેન્ટમાં નવમા માળે રહેતાં ચિમોતેર કાંતિભાઈ ભાણજીભાઈ પીસીવાડીયા સાંજે સાડા ચારેક વાગ્યે નવમા માળની ગેલેરીમાંથી પટકાતાં ઘટના સ્થળે જ દમ તોડી દીધો હતો. બનાવને પગલે મોટી સંખ્યામાં રહેવાસીઓ ભેગા થઈ ગયા હતાં. પરિવારજનો પણ નીચે દોડી ગયા હતાં. કોઈએ ૧૦૮ બોલાવી હતી. પણ તેના તબિબ નિલેખ ગોહીલે તેમને મૃત જાહેર કર્યા હતાં. બનાવની જાણ થતાં તાલુકા પોલીસ સ્ટેશનના આસી સબ ઈન્સ. ડી. સી. જોષી સહિતે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસના કહેવા મુજબ તેમના એક દિકરા પાસેથી પ્રાથમિક માહિતી મેળવી કાર્યવાહી કરવામાં આવી હતી. બાકીની તપાસ અંતિમવિધી બાદ કરવામાં આવશે. મૃત્યુ પામનાર કાંતિભાઈને દોઢ બે વર્ષથી આંખે ઓછુ દેખાતુ હતુ અને બિમારીની દવા પણ ચાલુ હતી. વૃધ્ધ અકસ્માતે પટકાયા કે પછી બિમારીઓથી કંટાળીને પડતું મુક્યું તેની હાલ ખબર પડી શકી નથી. જેથી તપાસ યથાવત રાખવામાં આવી હતી.

બીજી ઘટનામાં વાવડીમાં વિશ્વકર્મા સોસાયટીમાં રહેતી સત્તર વર્ષિય સગીરાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. વાવડીમાં ચામુંડા હોટેલની આગળ વિશ્વકર્મા સોસાયટીમાં રહેતી કાજલકુમારી રાજુભાઈ કુશવાહા નામની સત્તર વર્ષની બાળાએ ઘરે હતી ત્યારે એંગલમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં ૧૦૮ને જાણ કરાઈ



હતી. પણ તેના તબિબ તેજલબેન વાજાએ તેણીને મૃત જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. એલ. ચાવડાએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

આપઘાત કરનાર કાજલકુમારી પાંચ બહેનમાં બીજી હતી. તેના પિતા કારખાનામાં કામ કરે છે અને માતા ઘર નજીક શાકભાજી વેંચે છે. આ પરિવાર મુળ ઉત્તરપ્રદેશનો વતની છે. સાંજે નાની બહેન ઘરમાં આવી ત્યારે કાજલકુમારીને લટકતી જોતાં દેકારો મચાવતાં આસપાસના લોકો ભેગા થઈ ગયા હતાં. કોઈએ ૧૦૮ બોલાવી હતી. પરંતુ તેના ડોક્ટરે તેણીને ઘટના સ્થળે જ મૃત જાહેર કરી હતી. કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી.

ત્રીજા બનાવમાં બનાવમાં રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસે સોમનાથ સોસાયટી-૨ સદ્ગુરૂ નગર મઈન રોડ પર રહેતાં રાજેન્દ્રભાઈ નકુમ-સતવારાની સોળ વર્ષની દિકરી લતાશા સાંજે પાંચેક વાગ્યે ઘરે બેભાન થઈ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને કરી હતી. લતાશા એક ભાઈથી નાની હતી. ધોરણ દસ સુધી અભ્યાસ કર્યો હતો. તેના પિતા પ્લમ્બીંગ કામ કરે છે. સગાના કહેવા મુજબ લતાશાને છએક વર્ષથી કેન્સર થયું હતું અને હવે મગજમાં ટ્યુમર પણ હોવાનું નિદાન થયું હતું. ઘણા સમયથી તેણી બિમાર રહેતી હોઈ સાંજે એકાએક બેભાન થઈ ગયા બાદ મૃત્યુ થયું હતું. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

જ્યારે ચોથા બનાવમાં જંગલેશ્વર શેરી નં. ૧માં રહેતાં નરેન્દ્રજતી કનુજતી બાવાજી નામના બેતાલીસ વર્ષના યુવાન સત્તરમીએ પોતાનું બાઈક હંકારીને કામ માટે નીકળ્યા ત્યારે પારેવડી ચોકમાં તેનું બાઈક સ્લીપ થઈ જતાં માથા, શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાતાં ત્યાં ૧૮મીએ મગજનું ઓપરેશન કરવામાં આવ્યું હતું.

બાદમાં બેભાન હાલતમાં વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ગત રાતે તેમણે દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. નરેન્દ્રજતી બે ભાઈ અને બે બહેનમાં વચેટ હતાં અને કારખાનામાં કામ કરતાં હતાં. સંતાનમાં એક દિકરો છે. બનાવ અંગે બી-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

પાંચમી ઘટનામાં કોઠારીયામાં આજીડેમ પોલીસ સ્ટેશનના પાછળના ભાગે આવેલી ઝૂપડપટ્ટીમાં રહેતાં પચાસ વર્ષના ભારતીબેન રમેશભાઈ કેશાગરીયા સાંજે ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આમ વધુ પાંચ ઘટનામાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

રાતે આગળ કાંડ થઇ ગયો હતો આગળ જોખમ છે, અંધારામાં દાગીના કેમ પહેર્યા છે લૂંટાઇ જશે કહી ખેલ પાડ્યો

બે વૃધ્ધા પાસેથી દાગીના લૂંટી લેતા નકલી પોલીસ

એક વૃધ્ધાના ચાર લાખના અને બીજા વૃધ્ધાના એંસી હજારના દાગીના ગયાઃ બંને કિસ્સામાં ભેદ ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી

રાજકોટ તા. ૨૧

પોલીસના નામે ગઠીયાગીરી કરી લેવાના કિસ્સા રાજ્યભરમાં અવાર-નવાર બનતા રહે છે. વધુ આવા બે બનાવો સામે આવ્યા હતાં. જેમાં નકલી પોલીસ અલગ અલગ જગ્યાએ બે વૃધને છેતરી જવાયા હતાં. એક વૃધ્ધા પાસેથી ચાર લાખના દાગીના અને બીજા વૃધ્ધા પાસેથી બે સોનાની બંગડી એંસી હજારની લૂંટી જવામાં આવી હતી. આગળ રાતે કાંડ થઇ ગયો હતો, તમે દાગીના પહેરીને કેમ ફરો છો? એવુ કહી ઠગાઇ કરવામાં આવી હતી. બીજી ઘટનામાં પણ વૃધ્ધાને હેલ્મેટ પહેરલા શખ્સે રોકી માજી અંધારામાં સોનુ પહેરીને કેમ નીકળો છો, કોઇ લૂંટી લેશે કહી છેતરીની બંગડીઓ ઉતારી લીધી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદના સેટેલાઇટના રામદેવનગર વિસ્તારમાં સવારે દર્શન અને વોકિંગ માટે નીકળેલા વૃદ્ધાને અહીં રાત્રે કાંડ થઈ ગયો છે તેમ કહી સેટીનું બહાનું બતાવી વાતોમાં ભોળવીને ત્રણેય અજાણ્યા શખસોએ વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ રૂ. ચાર લાખના દાગીના કાગળમાં લપેટી આપવાના બહાને નકલી બંગડીઓ પધરાવી ફરાર થઇ ગયા હતા. આ અંગે સેટેલાઇટ પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી હતી.

વધુ માહિતી અનુસારસેટેલાઇટના રામદેવનગર સ્થિત અમલતાસ એપાર્ટમેન્ટમાં રહેતાં ઓગણસિત્તેર વર્ષીય સુનિતાબેન ગર્ગ નિવૃત્ત જીવન ગુજારે છે. તેઓ રામમંદિરે દર્શન કરવા ગયાં હતાં. દર્શન કર્યા બાદ તેઓ વોકિંગ કરતાં બાગેશ્રી ત્રણ રસ્તા પાસે પહોંચ્યાં હતાં. તે દરમિયાન એક અજાણ્યો શખસ તેમની પાસે આવ્યો હતો અને તેમને રસ્તાના કોર્નર પર બાઇક સાથે ભેલા અન્ય એક શખસ પાસે લઈ ગયો હતો. તેણ વૃદ્ધાને ડરાવત કહ્યું હતું કે, અહીં રાત્રે એક કાંડ થયો છે અને તેમની સેટી માટે તેમને બોલાવવામાં આવ્યાં છે. ત્યારબાદ ગળામાં પહેરેલી સોનાની ચેઇન અને હાથની બંગડીઓ ઉતારીને બેગમાં મૂકી દેવાનું કહી વિશ્વાસ જીત્યો હતો.



વૃદ્ધા વિશ્વાસમાં આવે તે માટે બાઇક પર આવેલા શખસે પણ પોતાની વીંટી ઉતારીને આપી હતી અને કહ્યું હતું કે, 'ડરો નહીં, હું પણ મારી વીંટી આપી રહ્યો છું.' ત્રણેય શખસોની વાતોમાં આવીને સુનિતાબેને પોતાની સોનાની ચેઇન અને હાથની બે બંગડીઓ ઉતારીને બેગમાં મૂકી દીધી હતી. આ દરમિયાન એક શખસે બંગડીઓ બેગમાં છૂટી ન રાખવાની વાત કરી હતી અને કાગળમાં લપેટી આપવાની ઓફર કરી હતી. ત્યારબાદ તેણે બેગ અને બંગડીઓ હાથમાં લઈને કાગળમાં વીંટાળી ફરી બેગમાં મૂકી દીધાં હતાં. વૃદ્ધાએ તરત જ કાગળ ખોલવાનો પ્રયાસ કરતાં શખસોએ તેમને અત્યારે કાગળ ન ખોલવા જણાવ્યું હતું.

ત્યારબાદ ત્રણેય શખસો બાઇક પર બેસીને ઇસ્કોન ચાર રસ્તા તરફ ફરાર થઈ ગયા હતા. સુનિતાબેન ઘરે પહોંચ્યાં બાદ બેગમાં રાખેલા દાગીના તપાસતાં સોનાની ચેઇન ગુમ હતી, જ્યારે સોનાની બંગડીઓની જગ્યાએ અન્ય ધાતુની નકલી બંગડીઓ મળી આવી હતી. આ રીતે ત્રણ અજાણ્યા શખસોએ સેટીના નામે વિશ્વાસમાં લઈને રૂ. ૪ લાખના દાગીના પડાવી લીધા હોવાનું સામે આવ્યું હતું. આ બનાવ અંગે સુનિતાબેને સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ત્રણ અજાણ્યા શખસો સામે ગુનો નોંધી તેમની ઓળખ અને ધરપકડ કરવા સહિતની વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી આવી ઘટના જોઇએ તો નિઝામપુરાની ભવાનીપુરા સોસાયટીના ગ્રાઉન્ડ નજીક ૧૭ ઓક્ટોબરે સાંજે ૬ વાગ્યે ચપ્પલ સીવડાવવા જઈ રહેલાં ૭૩ વર્ષીય વૃદ્ધાને ૨ બાઇક પર આવેલા ૩ શખ્સે રસ્તામાં રોકી ૮૦ હજારની ૨ તોલા સોનાની ૨ બંગડી લૂંટી હતી. આ અંગે ફતેગંજ પોલીસે ગુનો નોંધ્યો છે. ઉલ્લેખનિય છે કે, ગરબા ગ્રાઉન્ડ નજીક જ વૃદ્ધાના હાથમાંથી બંગડીની લૂંટ ચલાવાઈ હતી ત્યારે મહિલાઓની સુરક્ષા સામે સવાલો ભા થયા હતા. આ મામલે ફતેગંજ પોલીસમાં એફઆઇઆર દાખલ થઇ હતી. સર્વોદય સોસાયટીમાં રહેતાં જ્યોતિબેન પાઠક સાંજે ડીલક્સ ચાર રસ્તા તરફ ચાલતાં જઈ રહ્યાં હતાં. દરમિયાન ભવાનીપુરા ગરબા ગ્રાઉન્ડ પાસે પહેલેથી બાઇક લઈને હેલ્મેટ પહેરી ભેલા એક શખ્સે તેમનો રસ્તો રોક્યો હતો. બાદમાં અન્ય બાઇક પર વધુ બે શખ્સ આવ્યા હતા. એકે હેલ્મેટ અને પાછળ બેઠેલા શખ્સે માસ્ક પહેરેલું હતું. ત્રિપુટીએ 'માજી અત્યારે અંધારામાં ન નીકળો, કોઈ લૂંટી લેશે, સોનું કેમ પહેરી નીકળ્યાં છો?' કહી તેમના બંને હાથમાંથી બંગડીઓ લૂંટી હતી. ત્યારબાદ ત્રણેય ડીલક્સ ચાર રસ્તા તરફ બાઇક પર ભાગ્યા હતા.

આ મામલે પોલીસે ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કર્યો હતો. પોલીસે સ્થળની આસપાસ ૫૦થી વધુ સીસીટીવી તપાસ્યા હતા, પરંતુ ગઠિયાઓની ભાળ મળી નહોતી. તેઓ ક્યાંથી આવ્યા અને કઈ બાજુ ગયા તે અંગે સ્પષ્ટતા થઈ નહોતી. જ્યોતિબેન પાઠકે કહ્યું કે, પિતાએ મારા લગ્ન વખતે જે બંગડી આપી હતી તેની લૂંટ થઇ છે. તે મારા પિતાની છેલ્લી નિશાની હતી. તેની સાથે ઘણી યાદો જોડાયેલી છે. આરોપીઓએ મને પકડી રાખી હતી, મેં કાઢી નહોતી, જબરજસ્તી હાથમાંથી બંગડી કાઢી લૂંટી ફરાર થઈ ગયા હતા. મેં ચોર-ચોર બૂમો પાડી, પરંતુ ત્યાં મદદ માટે કોઈ નહોતું. મેં હિંમત કરી એક છોકરાનો શર્ટ પકડી લીધો હતો. જોકે તે ધક્કો મારીને ભાગી ગયા હતા.

ઉલ્લેખનીય છે કે આ જ વૃદ્ધા સાથે બીજીવાર લૂંટની ઘટના બની હતી. સાત વર્ષ અગાઉ તેઓ આ જ રીતે ઘરેથી ચાલતાં નીકળ્યાં હતાં. તે સમયે તેમણે ગળામાં સોનાની નકલી ચેન પહેરી હતી. ત્યારે બાઇક પર ગઠિયા આવ્યા હતા અને તેમના ગળામાંથી ચેન ઝૂંટવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે વૃદ્ધા નીચે નમી જતાં બચી ગયાં હતાં. તે પછી ગઠિયા વળીને પરત આવ્યા હતા અને વૃદ્ધાની ચેન આંચકી ફરાર થયા હોવાનું જાણવા મળ્યું હતું. સીસીટીવી ફૂટેજને આધારે તપાસ શરૂ થયાનું પીઆઇ ગઢવીએ કહ્યું હતું.

આઘા રે'જો મને જોર આવે છે....જુદા જુદા કારણે બાકાઝીકીની ત્રણ ઘટના

છરી ઝીંકી મોબાઇલની લૂંટ : ફાકી મામલે ધોકાવાળી

યુવાન અને દુકાનદાર સારવાર હેઠળઃ ત્રીજી ઘટનામાં પશુ ચારવા મામલે અને માતાજીના મઢમાં ટેપ વગાડવા મામલે બે યુવાન પર ધોકા-ધારીયાના ઘા થયા

રાજકોટ તા. ૨૧

અમુક લોકો નાની નાની વાતે બીજા લોકો પર તૂટી પડી લોહીલુહાણ કરી નાંખતા હોય છે. આવી ઘટનાઓ રોજબરોજ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં બનતી રહે છે. એક કિસ્સામાં ત્રણ અજાણ્યા શખસોએ મોબાઇલ લૂંટવા માટે એક યુવાનને છરી ઝીંકી દીધી હતી અને ફોન પડાવી ભાગી ગયા હતાં. બીજી બનાવમાં ફાકીના લેણા નીકળતા વીસ રૂપીયા દૂકાનદારે માંગતા યુવાને આ રકમ આપવાને બદલે ધોકાના ઘા ફટકારી દૂકાનદારને લોહીલુહાણ કર્યા હતાં. ત્રીજી ઘટનામાં માતાજીના મઢમાં ટેપ વગાડવા મામલે યુવાનને ધોકાવાળી કરાઇ હતી. તો ચોથા બનાવમાં પશુ ચરાવવા જેવી વાતે યુવાનને માર મારી ધારીયાથી ઘાયલ કરાયો હતો.

વિગતો પર નજર કરીએ તો મોરબીમાં રહેતાં યુવાનને તે રાતે નવેક વાગ્યે પાવડીયાળી ગામ પાસે હતો ત્યારે અજાણ્યા શખ્સે તેને આંતરી છરીથી હુમલો કરી મોબાઇલ ફોન લૂંટી લેતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. મોરબી સો ઓરડી વનાળીયા સોસાયટીમાં રહેતો નિલેષ મહેશભાઇ ચાવડા નામના અઢાર વર્ષના યુવાનને રાતે નવેક વાગ્યે પાવડીયાળી ગામ પાસે ચા પીને ચાલતો ચાલતો ફોનમાં વાત કરતો જતો હતો ત્યારે અજાણ્યા શખ્સે આવી તારો ફોન આપી દે તેમ કહી ગાળો દેતાં નિલેષે ફોન આપવાની ના પાડતાં ઝપાઝપી ચાલુ કરી હતી.

આ વખતે અચાનક જ બીજા બે અજાણ્યા શખ્સોએ આવી તેની સાથે મારામારી કરી હતી. જેમાંથી એક શખ્સે છરી કાઢી હુમલો કરી ઈજા પહોંચાડતાં તે પડી ગયો હતો. બાદમાં ત્રણેય આશરે વીસ હજારનો મોબાઇલ લૂંટી ભાગી ગયા હતાં. તેમ નિલેષે જણાવતાં મોરબી તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે. નિલેષને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. તે એક બહેનથી મોટો છે અને કારખાનામાં કામ કરે છે. ખરેખર શું ઘટના બની તેની તપાસ પોલીસે હાથ ધરી હતી.

બીજી મારામારીની ઘટના જોઇએ તો વાંકાનેરના જાંબુડીયા ગામે રહેતાં અને ગામમાં પાન ફાકીની દુકાન ચલાવતાં પ્રૌઢ બાકી નીકળતા ફાકીના વીસ રૂપિયાની ઉઘરાણી કરતાં ગામના જ એક શખ્સે



ધોકાથી માર મારી લોહીલુહાણ કરી નાંખતા સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. જાંબુડીયા ગામે રહેતાં સોમાભાઇ અમરશીભાઇ સીતાપરા નામના પંચાવન વર્ષના પ્રૌઢ સાંજે સાડા સાતેક વાગ્યે પોતાની બસ સ્ટેશન પાસે આવેલી દૂકાને હતાં ત્યારે ગામના જ વિક્રમ ધનાભાઇ કાંજીયાએ આવી ઝઘડો કરી ધોકાથી માર મારતાં દેકારો મચી ગયો હતો.

લોકો ભેગા થઇ જતાં સોમાભાઇને છોડાવ્યા હતાં. વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં વાંકાનેર પોલીસને જાણ કરાઇ હતી. સોમાભાઇને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. પોતે ચાર ભાઇ અને ચાર બહેનમાં મોટા છે. તેના કહેવા મુજબ વિક્રમ અગાઉ ફાકી ખાઇ ગયો હોઇ તેના રૂ. ૨૦ બાકી રાખી ગયો હતો. સાંજે તે દૂકાન પાસે આવતાં મેં આ પૈસાની ઉઘરાણી કરતાં તેણે ઉશ્કેરાઇ જઇ ગાળો દઇ હુમલો કર્યો હતો. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

બાકાઝીકીની ત્રીજી ઘટના જોઇએ તો જસદણના ભાડલા ગામે રહેતાં યુવાન પર તેના જ કુટુંબી એવા બે યુવાને ધોકાથી હુમલો કરી ઈજાઓ પહોંચાડતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો છે. માતાજીના મઢમાં તેણે મોટા અવાજે ટેપ વગાડવાની ના પાડતાં ડખ્ખો થયો હતો. ભાડલામાં રહેતો વીસ વર્ષનો અક્ષય ઉમેશભાઇ સોલંકી રાતે અગીયારેક વાગ્યે કુટુંબના શક્તિ માતાજીના મઢ પાસે હતો ત્યારે કુટુંબના જ સાહિલ અને સિદવાને ઝઘડો કરી ધોકાથી બેફામ માર મારતાં મોઢા, શરીરે ઈજાઓ થઇ હતી. તેને સારવાર માટે રાજકોટ ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભાડલા પોલીસને જાણ કરી હતી. અક્ષય ત્રણ ભાઇમાં નાનો છે અને ખેત મજૂરી કરે છે. તેના માતાના કહેવા મુજબ મઢમાં સાહિલ સહિતના મોટા અવાજે ટેપ વગાડતાં હોઇ અક્ષયએ તેને આવુ કરવાની ના પાડતાં બોલાચાલી થઇ હતી. બાદમાં અક્ષયને ધોકાથી માર મારવામાં આવ્યો હતો. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી હતી.

ચોથી આવી બટાઝટીની ઘટના જોઇએ તો ચોટીલાના હરણીયા ગામે રહેતાં રવિ ગભરૂભાઇ લામકા નામના વીસ વર્ષના યુવાનને તે ગામમાં ગૌચર પાસે હતો ત્યારે ગામના જ વિપુલ અને પ્રવિણે આવી ઝઘડો કરી ઢીકાપાટુનો માર મારી ઉંધુ ધારીયુ મારી દેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. રવિ બે ભાઇ અને ત્રણ બહેનમાં નાનો છે તથા પશુપાલન કરી ગુજરાન ચલાવે છે. ત

ણે જણાવ્યું હતું કે પોતે ગૌચરમાં પશુ ચરાવતો હતો ત્યારે પ્રવિણ અને વિપુલે આવી તારે અહિ ગૌચરમાં પશુ ચરાવવા આવવું નહિ તેમ કહી ગાળો દઇ ઝઘડો કરતા તેને માથાકુટ કરવાની ના પાડતાં ઉશ્કેરાઇ જઇ મારકુટ કરી ઉંધુ ધારીયુ મારી દીધુ હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ચોટીલા પોલીસને જાણ કરી હતી. આમ ચાર ઘટનામાં લોકોએ હાથમાં આવ્યું એ હથીયારથી અલગ અલગ કારણોસર હુમલા કરી સામેવાળાને લોહીલુહાણ કરાયા હતાં. આ તમામ ઘાયલોને રાજકોટ પીડીયુ સિવિલ હોસ્પિટલના ખાટલે દાખલ કરી સારવાર શરૂ કરાઇ હતી અને જે તે પોલીસ સ્ટેશના દ્વારા કાર્યવાહી કરવા તજવીજ થઇ હતી.

આખો દિવસ મજૂરી કરી સાંજે થાકીને ઘરે જવું હતું પણ પહોંચ્યા પરલોક

રોંગ સાઇડમાં ઘુસેલા ડમ્પરે ત્રણ મજૂરની જિંદગી છીનવી

બોલેરો સાથે ડમ્પર અથડાતાં મોરબી નજીક બે સગા ભાઇ સહિત ત્રણ મજૂરનો જીવ ગયોઃ આઠને ઇજા થઇ, તેમાં પણ બે ગંભીરઃ બીજી ઘટનામાં ડમ્પરની ઠોકરે ચડી જતાં એક વૃધ્ધાનું મૃત્યુ થયું

રાજકોટ, તા. ૨૧

જીવલેણ વાહન અકસ્માતની વધુ એક ઘટના બની હતી. જેમાં મોરબીની પીપળીયા ચોકડી નજીક રાત્રીના બારેક વાગ્યે રોંગ સાઇડમાં ઘસી આવેલા ટ્રકે બોલેરોને ઠોકરે લેતાં બોલેરો પલ્ટી મારી જતાં તેમાં બેઠેલા મધ્યપ્રદેશના બાર જેટલા ખેત મજૂરોમાંથી બે મજૂરના ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોત થયા હતાં. જ્યારે આઠને સારવાર માટે રાજકોટ ખસેડાયા છે. ખેત મજૂરી પુરી કર્યા બાદ આ મજૂરો બોલેરોમાં બેસીની પોતે જ્યાં રહેતા હોઇ તે વાડીએ જવા નીકળ્યા હતાં. રાજકોટ ખસેડાયા તેમાં બે મજૂરની હાલત ગંભીર હતી. ટ્રકચાલકની બેદરકારીને કારણે બે મજૂર પરિવારોના મોભીની જિંદગી ખતમ થઇ જતાં પરિવારના માળા વેરણછેરણ થઇ ગયા હતાં. એક મજુરનું રાજકોટમાં મોત થયું હતું. તે સાથે મૃત્યુ આંક ત્રણ થયો હતો. આ ગોઝારા અકસ્માતમાં બે સગા ભાઇ સહિત ત્રણનો જીવ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો મોરબીની પીપળીયા ચોકડી પાસે રાત્રીના બારેક વાગ્યે ટ્રકની ઠોકરે બોલેરો ચડી જતાં બોલેરો પલ્ટી મારી ગઇ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બે મજૂરોના ઘટના સ્થળે જ મોત થયા હતાં. જ્યારે આઠને ઈજાઓ થતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અકસ્માતમાં ઘટના સ્થળે મોતને ભેટેલા બે મજૂરના નામ મહેન્દ્રભાઇ રૂમાલભાઇ મોવેર અને શંકરભાઇ પુનગિં અજનાર હોવાનું અને આ બંને મોરબીના ચાંચાવદરમાં રહી ખેત મજૂરી કરતાં હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં મહેન્દ્રભાઇ તેતાલીસ વર્ષના અને શંકરભાઇ પાંત્રીસ વર્ષના હતા.

વધુ માહિતી અનુસાર અન્ય ઈજાગ્રસ્ત આઠ મજૂરોને વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા છે. જેમાં બેની હાલત ગંભીર ગણાવાઇ હતી. આ ઈજાગ્રસ્તોમાં દિનેશભાઇ રૂમાલભાઇ મોવેર (ઉ.વ.૨૫), બાબુભાઇ રામાભાઇ મોવેર (ઉ.વ.૪૦), રાકેશ નુમનભાઇ મોવેર (ઉ.વ.૫૦), દરબાર છગનભાઇ વાસુનીયા (ઉ.વ.૩૫),



અક્ષય સાદરભાઇ વાસુનીયા (ઉ.વ.૧૧), ભંગડીબેન સાદરભાઇ વાસુનીયા (ઉ.વ.૩૦) અને રાધીકા સાદરભાઇ (ઉ.વ.૧૩) તથા લાલો કુંવરસિંગ (ઉ.વ.૧૬)નો સમાવેશ થાય છે. રાજકોટ સારવાર દરમિયાન દિનેશભાઇ રૂમાલભાઇનું પણ મોત થતાં મૃત્યુ આંક ત્રણ થયો હતો. તેના ભાઇનું ઘટના સ્થળે મોત થયું હતું. આમ આ અકસ્માતમાં ત્રણનો જીવ ગયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર આ બધા અલગ અલગ ખેતરોમાં મજૂરી કરે છે. સાંજે મજુરી કામ પુરૂ થયા બાદ બોલેરોમાં બેસી પોતે જ્યાં રહેતાં હોય છે ત્યાં જવા માટે નીકળ્યા હતાં. પાવડીયાળી ગામેથી મોરબી, બગથરા તથા ચાંચીયાવદર અને તરઘડી તરફ આ મજૂરોને જવાનું હતું. દરમિયાન મોરબી પીપળીયા ચોકડી નજીક માળીયા-આમરણ રોડ પર આ અકસ્માત સર્જાયો હતો. મોરબી તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ટ્રક રોંગ સાઇડમાં આવી જતાં અકસ્માત સર્જાયાનું જાણવા મળ્યું હતું. મોરબી તાલુકા પોલીસે ટ્રકના ચાલક સામે ગુનો નોંધવા તજવીજ કરી હતી.

અકસ્માતની બીજી જવલેણ ઘટના પણ મોરબી નજીક બની હતી. જેમાં મોરબીના નીચી માંડલ ગામે કારખાનામાં સફાઇ કામ કરતી વખતે ડમ્પર ફરી વળતાં મહિલા શ્રમિકનું મોત થયું હતું.મોરબીના નીચી માંડલ ગામના પ્લોટ વિસ્તારમાં રહેતા અને એ.સી. રિપેરીંગનું કામ કરતા દેવરાજભાઇ નરસિંહભાઇ સોલંકી નામના તેત્રીસ વર્ષના યુવાન માતા અમરતબેન નીચી માંડલ ગામની સીમમાં આવેલ સિમેરો વિટ્રીફાઇડ કારખાનામાં ગેસ પ્લાન્ટ પાસે સફાઇ કામ કરતા હતા. દરમિયાન, દેવરાજભાઇ પર તેમના મોટા બહેન ધનગવરીબેનનો ફોન આવ્યો હતો કે મમ્મીને કારખાનામાં ગાડીએ હડફેટે લીધા છે, જેથી તેઓ તુરંત કારખાને પહોંચ્યા હતા.

ત્યાં જઈને જોતા તેમના માતા અમરતબેન ડમ્પર ટ્રક પાછળ વ્હીલની બાજુમાં મૃત હાલતમાં પડેલા હતા અને તેમને કમર તથા નીચેના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ઘટનાસ્થળે ભેલા ડમ્પરના રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૩-એએકસ-૪૫૮૮ હોવાનું જણાયું હતું. સાથે કામ કરતી કૌટુંબિક કાકી સવિતાબેને પુત્રને જણાવ્યું હતું કે ડમ્પર ચાલકે પોતાનું વાહન બેદરકારીથી ચલાવી અમરતબેનને અડફેટે લીધા હતા. આ બનાવ બન્યા બાદ સ્વજનો દ્વારા પ્રાઈવેટ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત અમરતબેનને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે પુત્ર દેવરાજભાઈ સોલંકીની ફરિયાદ પરથી પોલીસે ડમ્પર ચાલક સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ જીવલેણ અકસ્માતની આ બીજી ઘટનામાં પણ એક પરિવારના સદસ્યની વસમી વિદાય થઈ હતી.

નીતનતા નુસ્ખાઓનો ઉપયોગ કરી ફ્રોડ આચરી રહ્યા છે ગઠીયાઓઃ સાયબર ક્રાઈમ પોલીસને સતત પડકાર

અપડેટનો મેસેજ આવ્યો, ફોન હેક થયો ને નાણા ગાયબ

આધેડ દિકરીના લગ્નની ખરીદી કરતા હતાં ત્યારે એકાએક ફોન હેક થયોઃ સો ટકા અપડેટ થયા બાદ ચાલુ થયો અને બેંક ખાતુ ખાલી થઇ ગયું : અન્ય બનાવમાં ડિલીવરી બોય શેઠના દોઢ કરોડથી વધુના દાગીના ઉસેડી થઇ ગયો ગાયબઃ ખાલી બેગ રિક્ષામાં મુકી દીધીઃ અંદર વિઝીટીંગ કાર્ડ હોઇ રિક્ષાવાળાએ શેઠને જાણ કરી

રાજકોટ તા. ૨૧

સાયબર ગઠીયાઓ ગમે ત્યારે ગમે ત્યાં ગમે તેને શિકાર બનાવી ફ્રોડ આચરી લેતાં હોય છે. અલગ અલગ રીતે ફ્રોડ આચરતા ગઠીયાઓએ એક આધેડ તેમની દિકરીના લગ્નની ખરીદી કરવા ગયા ત્યારે એકાએક તેમનો મોબાઇલ ફોન હેક કરી લીધો હતો. પછી ઓટો અપડેટ મોડમાં જતો રહ્યો હતો. સો ટકા અપડેટ થયા બાદ ફોન ચાલુ થતાં જ તેમના બેંક ખાતામાંથી નાણા ઉપડી રહ્યાના ધડાધડ મેસેજ આવવા માંડ્યા હતાં. અહિ રકમ એકાદ લાખ જેવી જ ગઇ હતી. પરંતુ ગઠીયાઓ કેવા કેવા ખેલ પાડી રહ્યા છે તે જાણવા જેવુ છે. ગૂગલ પ્લે સર્વિસ અપડેટની ઓટો લિંક મોકલી આ ફ્રોડ આચરી લેવાયુ હતું.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના વરણામાની આ ઘટના છે. અહિ રહેતાં સત્તારખાન દિવાન પુત્રીના લગ્નની ખરીદી કરવા કરજણ ગયા હતા. ત્યારે બપોરે તેમનો ફોન હેક થયો અને સો ટકા અપડેટ બાદ બંધ પડ્યો. ફોન ચાલુ થતાં જ તેમના બેંક ખાતામાંથી સાયબર ગઠિયાઓએ નેવુ હજાર ઉપાડી લીધાનો મેસેજ મળ્યો. તેમણે તાત્કાલિક ઓનલાઈન ટ્રાન્ઝેક્શન બંધ કરાવ્યા અને વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. પુત્રીના લગ્નની ખરીદી કરવા ગયેલા પિતાનો મોબાઇલ હેક થઇ ગયો હતો અને જ્યારે મોબાઇલ ચાલું થયો ત્યારે બેન્કના એકાઉન્ટમાંથી સાયબર ગઠિયાઓએ બારોબાર રકમ ઉપાડી લીધી હોવાનું જાણવા મળ્યું હતું.

વધુ માહિતી જોઇએ તો વરણામામાં રહેતા સત્તારખાન યાકુબભાઇ દિવાને વરણામા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું પોર જીઆઇડીસીની ખાનગી કંપનીમાં નોકરી કરૂ છું. મારી પુત્રી મુસ્કાનનું લગ્ન નક્કી થયું હોવાથી હું મારા પત્નિ આસ્મીન સાથે કરજણ ખાતે ખરીદી કરવા માટે ગયો હતો. અમો ખરીદી કરતા હતા ત્યારે બપોરે બે વાગ્યાની આસપાસ મારા ફોનની ડિસ્પ્લે પર ગુગલ પ્લે સર્વિસ ડાઉનલોડિંગ અપડેટ લખીને આવ્યું હતું અને મારો ફોન હેક થઇ ગયો હતો. ફોનમાં કોઇ પ્રોસેસ થતી ન હતી અને અપડેટ સો ટકા થયા બાદ ફોન અચાનક બંધ થઇ ગયો હતો. ત્યારબાદ કરજણ બજારમાંથી હું પત્નિ સાથે ઘેર આવ્યો હતો અને મેં મોબાઇલમાંથી સિમકાર્ડ કાઢી નાંખ્યું હતું. દસ મિનિટ બાદ ફોન શરૂ થયો તો મારા બેન્ક એકાઉન્ટમાંથી નેવુ હજાર ઉપડી ગયાનો



મેસેજ આવ્યો હતો. મેં બેન્કમાં જઇ તપાસ કરતા સાયબર ક્રાઇમ થયું હોવાનું જાણવા મળ્યું હતું. મેં તાત્કાલિક ઓનલાઇન ટ્રાન્ઝેક્શનો બંધ કરાવી દીધા હતાં. ઉપરોક્ત વિગતોની ફરિયાદના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આમ સાયબર ગઠીયાઓએ વધુ એક નવો તુક્કો અજમાવી ફ્રોડ કર્યું હતું. એપીકે ફાઇલના નામે અત્યાર સુધી ફ્રોડ થતાં હતાં. હવે એપ્લીકેશન અપડેટના નામે લિક મોકલી ફોનને ઓટો મોડમાં લઇ ગઠીયાઓ ફ્રોડ આચરતાં થઇ ગયા છે. સાયબર ક્રાઇમ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

વધુ એક મોટી ઠગાઇ થઇ ગઇ હતી. સુરતના સૈયદપુરા વિસ્તારમાં સોનાના દાગીના બનાવતા વેપારી સાથે એક કરોડ અઠસઠ લાખથી વધુની ફિલ્મ જેવી છેતરપિંડી અને વિશ્વાસઘાતની ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના અલગ-અલગ જ્વેલર્સને સોના-હીરાના દાગીના ડિલિવરી કરવા નીકળેલો ડિલિવરી બોય કિંમતી ઘરેણાં ભરેલી બેગમાંથી દાગીના સેરવી લઈ રિક્ષામાં માત્ર ખાલી બેગ છોડીને ફરાર થઈ ગયો હતો. આ મામલે લાલગેટ પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. રાંદેર ખાતે રહેતા ૪૪ વર્ષીય અખ્તરઅલી મોહંમદઅલી શેખ સૈયદપુરા મોટી કડીયા શેરીમાં 'એ.એન. ટી કાસ્ટીંગ' નામે છેલ્લા અઢાર વર્ષથી સોનાના દાગીના બનાવવાનો વ્યવસાય કરે છે.

વધુ માહિતી અનુસાર એક મહિના અગાઉ સેવન જ્વેલર્સમાં કામ કરતા ઋષિ નામના યુવકે મૂળ અમરેલીના સાવરકુંડલાના ધાર ગામના અને હાલ હીરાબાગ, ખોડીયાર નગરમાં રહેતા રોહિતકુમાર ચંદ્રકાંતભાઈ રંગાણી સાથે ડિલિવરી બોય તરીકે ઓળખાણ કરાવી હતી. છેલ્લા એક મહિનાથી રોહિત સમયસર ડિલિવરી કરતો હોવાથી વેપારીનો તેના પર પૂરો વિશ્વાસ બેસી ગયો હતો. દરમિયાન વેપારીની ઓફિસેથી મેનેજર સુખદેવ ઉર્ફે સંજય આચાર્યએ રોહિત રંગાણીને સુરતના વિવિધ ૬ જ્વેલર્સને પહોંચાડવા માટે સોના-હીરાના કિંમતી દાગીના ભરેલી બેગ સોંપી હતી. થોડીવાર બાદ એક અજાણ્યા રિક્ષાચાલકે વેપારી અખ્તરઅલીને ફોન કરીને જણાવ્યું હતું કે તેમની રિક્ષામાં એક બેગ પડી રહી છે જેમાં માત્ર વિઝિટિંગ કાર્ડ મળ્યું છે.

વેપારીએ બેગનો ફોટો મંગાવી મેનેજરને બતાવતા ખ્યાલ આવ્યો કે આ એ જ બેગ છે જેમાં કરોડોના દાગીના મુકાયા હતા. રિક્ષાચાલકે જણાવ્યું હતું કે એક પેસેન્જર કૈલાસધામ સોસાયટી, અશ્વિનીકુમાર ખાતેથી બેઠો હતો અને નાના વરાછા ઢાળ પાસે ઉતરી ગયો હતો અને બેગ ભૂલી ગયો હતો. તપાસ દરમિયાન રોહિતનો મોબાઈલ સ્વિચ ઓફ આવ્યો હતો. આથી વેપારીના મિત્ર અજયભાઈએ અશ્વિનીકુમાર જઈ તપાસ કરતા ત્યાં રોહિતની મોટરસાયકલ બિનવારસી હાલતમાં મળી આવી હતી. જે જ્વેલર્સને ડિલિવરી આપવાની હતી ત્યાં પણ તપાસ કરતા માલ પહોંચ્યો ન હોવાનું સામે આવ્યું હતું. આમ વિશ્વાસઘાત કરી દોઢ કરોડથી વધુના દાગીના ઉસેડી જવાયા હતાં. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

પાર્કિંગના પૈસા દેવા છે કે ધોકો ખાવે છે? વૃધ્ધને કર્યા લોહીલુહાણ

સરકારી પાર્કિંગમાં એકટીવા ઉભુ રાખવાના રખડુ શખ્સ રાધેએ પૈસા માંગી વૃધ્ધને ધોકા ફટકાર્યા પછી ધારીયાનો ઘા કર્યોઃ ગાંધીગ્રામ પોલીસે ફરિયાદ દાખલ કરી



રાજકોટ તા. ૨૧

શહેરમાં વારંવાર કોઇને કોઇ લુખ્ખાઓ કાયદાની ઐસી તૈસી કરી ગમે ત્યાં ગમે તેની સાથે મારામારી કરી લેતાં હોય છે. આ દરમિયાન રૈયા ચોકડી પાસે પ્રધાનમંત્રી જન ઔષધી મેડિકલ સ્ટોર સામે પૂલ નીચે ટુવ્હીલર પાર્ક કરી રહેલા વૃધ્ધને અહિ રખડતા ભટકતા રહેતાં શખ્સે અહિ વાહન પાર્ક કરવાના પૈસા થાય, તારે પાર્કિંગના પૈસા દેવા છે કે નહિ તેમ કહી ધોકાથી હુમલો કરી માથામાં ઘા ફટકારી દઇ તેમજ બાદમાં ધારીયાથી પણ હાથમાં ઇજા પહોંચાડતાં વૃધ્ધને સારવાર લેવી પડી હતી. વૃધ્ધે ધોકો પકડી લેતાં આ શખ્સે બાકડા નીચેથી ધારીયુ કાઢી તેનો ઘા કરી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે સોમનાથ સોસાયટી-૩ શેરી નં. ૧૧માં માતૃ મંદિર સામે રહેતાં છાંસઠ વર્ષના દેવશીભાઇ લાલજીભાઇ મધોડીયા નામના વૃધ્ધની ફરિયાદ પરથી રાધે પંકજભાઇ પરમાર વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો છે. દેવશીભાઇ મધોડીયા પરિવાર સાથે રહે છે અને કડીયા કામની મજૂરી કરે છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે હું સાંજે મારા ઘરેથી એક્ટીવા હંકારી ચા પીવા જવા માટે રૈયા ચોકડીએ ગયો હતો. અહિ ચોકડીએ આવેલ પ્રધાનમંત્રી જન ઔષધી મેડીકલ સ્ટોરની સામે પૂલ નીચે પાર્કિંગમાં મેં મારુ એક્ટીવા પાર્ક કર્યુ હતું.

એટલીવારમાં રૈયા ચોકડી આસપાસ ભટકતો રહેતો રાધે પરમાર આવ્યો હતો અને મને-પાર્કિંગના પૈસા આપવા છે કે ધોકો ખાવો છે? તેમ કહ્યું હતું. આથી મેં તેને કહેલું કે અહિ સરકારી પાર્કિંગ છે એમાં શેના પૈસા આપવાના હોય? આમ કહી હું મારા એક્ટીવા તરફ ગયો હતો. ત્યાં રાધે ધોકો લઇને મારી પાસે આવ્યો હતો અને મને માથામાં ઘા મારી દીધો હતો. જેના કારણે ચક્કર આવી જતાં હું પડી ગયો હતો. બાદમાં તેણે મને પગમાં સાથળના ભાગે ડાબા હાથે પણ ઘા ફટકારી દીધા હતાં.

ત્યારબાદ મેં ધોકો પકડી લેતાં તેણે ત્યાં બાંકડા નીચે રાખેલુ ધારીયુ કાઢ્યું હતું. તે મને મારવા આવતાં હું નીચે પડી ગયો હતો. આ વખતે તેણે ધારીયુ ઉગામતાં મેં હાથ આડો રાખતાં ડાબા કાંડામાં ઇજા થઇ હતી. દેકારો મચાવતાં ોલકો ભેગા થઇ જતાં રાધે ભાગી ગયો હતો. કોઇએ ૧૦૮ બોલાવતાં મને સારવાર માટે ખસેડાયો હતો. માથાના ભાગે ચાર ટાંકા આવ્યા હતાં. તેમ વધુમાં દેવશીભાઇએ કહેતાં ગાંધીગ્રામ પીએસઆઇ એ. બી. ઝાલાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ગામ હોય ત્યાં ગઠીયાઓ હોય જઃ ઓનલાઇન, ઓફલાઇન ફ્રોડની ઘટનાઓમાં સતત ઉછાળો

રોકડની સામે સિક્કા મળવાની લાલચે લાખોની છેતરપિંડી

લેભાગુઓ નાના લારી ગલ્લાવાળાઓને અને વેપારીઓને નિશાન બનાવી નાણા ઉસેડી ગાયબ થઇ ગયો

રાજકોટ તા. ૨૧

ગઠીયાઓ ઓનલાઇન અને ઓફલાઇન એમ એક ગમે તે રીતે ઠગાઇ કરતાં રહે છે. વધુ એક આવી ઠગાઇ થઇ હતી. જેમાં આ વખતે રૂબરૂ આવેલો ગઠીયો પાં, દસના સિક્કા આપવાના નામે વેપારીઓ અને નાના ગલ્લા લારીવાળાઓને છેતરીને પોણા પાંચ લાખ ઉસેડીને ભાગી ગયો હતો. ગામ હોય ત્યાં ધુતારા હોય જ આ વાતને વધુ એક વખત ગઠીયાએ યથાર્થ ઠેરવી હતી. કોને કેવી રીતે છેતરી લેવા એની પુરતી આવડત આવા ગઠીયાઓ લેભાગુઓ પાસે હોય છે. ઓનલાઇન લાખો હજારોની ઠગાઇ કરનારા પડ્યા છે તો રૂબરૂ આવીને છેતરી જનારાઓનો પણ ગામમાં તૂટો નથી.

વિગતે વાત કરીએ તો અમદાવાદ શહેરમાં રેસ્ટોરન્ટ અને લારી-ગલ્લાના વેપારીઓને ચિલ્લરમાં રૂ. પાંચ અને રૂ. દસના સિક્કા આપવાની લાલચ આપી રોકડ પડાવી છેતરપિંડી આચરતા આરોપીને રામોલ પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપીની પૂછપરછમાં તેણે બે વર્ષ દરમિયાન શહેરના નિકોલ અને ઓઢવ વિસ્તારમાં સાતથી વધુ વેપારીઓ સાથે કુલ ચાર લાખ સાંઇઠ હજારથી વધુની છેતરપીંડી આચરી



હોવાનું સામે આવ્યું હતુ. પોલીસે આ મામલે કાર્યવાહી હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર પૂર્વ વિસ્તારમાં સિક્કાનું ચિલ્લર લાવી આપવાનું કહીને સાતથી વધુ વેપારી સાથે ઠગાઈ કરનાર આરોપી વાલા રબારી વસ્ત્રાલ તનમન ચાર રસ્તા પાસે હોવાની બાતમીના આધારે રામોલ પોલીસે ઝડપી લીધો હતો. પૂછપરછમાં સામે આવ્યું છે કે, આરોપી વાલા પાસે કોઈ કામધંધો ન હોવાથી તે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં રેસ્ટોરન્ટ અને નાસ્તાના ગલ્લા ચલાવતા વેપારીઓને ટાર્ગેટ કરતો હતો. વેપારીઓને રોજિંદા કામકાજ માટે ચિલ્લરની જરૂરિયાત રહેતી હોવાથી તે વેપારીઓનો વિશ્વાસ જીતી રૂપિયા પાંચ અને દસના સિક્કા લાવી આપવાનું કહી તેમની પાસેથી મોટી રકમ મેળવી લેતો હતો. રોકડ રકમ મળ્યા બાદ તે ચિલ્લર આપ્યા વિના જ ત્યાંથી ફરાર થઈ જતો હોવાનું જણાવ્યું હતું.

તેમજ આરોપી પોતાને કોઈ ઓળખીતા કે બેન્ક કે વેપારી પાસેથી મોટો જથ્થો ચિલ્લર અપાવી શકશે તેવો ઢોંગ કરી વેપારીઓ પાસેથી રૂ. ૧૫ હજારથી લઈને રૂ. ૧ લાખ સુધીની રકમ પડાવી લેતો હતો. તેમજ બે વર્ષ પહેલા નિકોલના ગાયત્રી ગાંઠિયાના માલિક પાસેથી રૂ. ૫૦,૦૦૦, એક વર્ષ પહેલા નિકોલ સદગુરુ ગાર્ડન પાસે અમૂલ પાર્લરના સંચાલક પાસેથી રૂ. ૨૦,૦૦૦, પાંચ મહિના પહેલા ઓઢવ મનમોહન ચાર રસ્તા પાસે મની ટ્રાન્સફરની દુકાનમાંથી રૂ. ૧૬,૦૦૦, ચારમહિના પહેલા નિકોલમ કઠવાડા રાજવી ડાઇનિંગ હોલના માલિક પાસેથી રૂ. ૧ લાખ લઇ ગયો હતો.

આ ઉપરાંત બે મહિના પહેલા વિરાટનગર રોડ પર જય ભવાની કેટર્સમાંથી રૂ. ૧ લાખ, બે મહિના પહેલા ઓઢવ નવરંગ સર્કલ પાસે અક્ષય ગૃહ ઉદ્યોગના માલિક પાસેથી રૂ. ૧ લાખ, બે મહિના પહેલા નિકોલ કાનબા હોસ્પિટલ પાસે પટેલ ફરસાણની દુકાનમાંથી રૂ. ૫૦,૦૦૦ મેળવી ફરાર થયો હોવાનું પણ સામે આવ્યું હતું. ઘણીવાર ગઠીયાઓ જુની નોટના બદલામાં મોટી રકમ આપવાની લાલચ આપીને પણ ઠગાઇ કરતાં હોય છે. આવા ગઠીયાઓ ફ્રોડ માટે સોશિયલ મિડીયાનો સહારો લેતાં હોય છે. જેમાં ફેસબૂક સહિતના માધ્યમો પર રીલ જાહેરાત મુકી શિકારને શોધતા હોય છે. આવી ઘટના અગાઉ રાજકોટમાં બની હતી. આમ ગઠીયાઓ નવા જુના નુસ્ખાઓનો ઉપયોગ કરી ગામને સતત છેતરતા જ રહે છે. રોજ ઉઠીને કોઇને કોઇ છેતરાઇ ગયાના કિસ્સા સતત પોલીસ સુધી પહોંચતા રહે છે.

ગઠીયાઓ ગામને ગમે તે રીતે છેતરીને પોતાના ગજવા ભરી લેવામાં થઇ રહ્યા છે સફળ

સસ્તામાં CNC મશીન લેવા જતાં અડધો કરોડનો ડામ

વેપારીને ગઠીયાએ મશીનરીની સાથે લોન અપાવી દેવાની પણ લાલચ દીધી હતીઃ બીજી ઘટનામાં મૃત પત્નિના સીમકાર્ડનો ઉપયોગ કરી જેલમાંથી છુટેલા પતિએ પોણા ચાર લાખ ગપચાવ્યાઃ સાસુએ નોંધાવી એફઆઇઆર

રાજકોટ તા. ૨૧

ગઠીયાઓ લેભાગુઓ ગમે તેમ કરીને બીજા લોકોને પોતાની જાળમાં ફસાવી છેતરપીંડી કરી લેતાં હોય છે. વધુ આવા બે કિસ્સા સામે આવ્યા હતાં. જેમાં એક બનાવમાં સીએનસી રાઉટર મશીન સસ્તા ભાવે અપાવવાના નામે અને લોન કરાવી દેવાના નામે ગઠીયાએ વેપારી પાસેથી અડધા કરોડ જેવી રકમ પડાવી લીધી હતી. બીજી ઘટનામાં આપઘાતની દુષ્પ્રેરણાના ગુનામાં સામેલ પતિએ જેલમાંથી છુટ્યા પછી પત્નિના સીમ કાર્ડનો ઉપયોગ કરી પોણા ચાર લાખ ઉપાડી લીધા હતાં.

પ્રથમ ફ્રોડની વિગતો જોઇએ તો અમદાવાદ સરસપુરના વેપારીને સીએનસી રાઉટર મશીન અપાવવા અને બેંક લોન કરાવી આપવાના બહાને બે ગઠિયાએ રૂ. ૫૮.૯૦ લાખ પડાવી લીધા છે. આ અંગે વેપારીએ બંને ગઠિયા સામે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ હતી. નવા નરોડામાં આવેલ કૃષ્ણધામ સોસાયટીમાં રહેતા જીતેન્દ્રકુમાર કોઠીયા શ્રી ડીઝાઇન ફર્મનો વહીવટ સંભાળે છે. જયારે પત્નિ કંપનીની મલિક છે. પોતાની કંપની માટે સીએનસી રાઉટર મશીન ખરીદવું હોવાથી તેમના સાળા મારફતે મહેશ દેવરાજભાઇ દેવાણી સાથે સંપર્ક થયો હતો. મહેશે પોતાની ઓળખ મશીન અને બેંક લોન અપાવનાર એજન્ટ તરીકે આપી હતી.

ત્યારબાદ મહેશ દેવાણી જીતેન્દ્ર કુમારને નિકોલ સ્થિત અમૃતા ઇન્ડસ્ટ્રીઝના -ોપરાઇટર મહેન્દ્રસિંગ મંગલસિંગ રાજપુરોહીત પાસે લઇ ગયો હતો. જ્યાં આરોપી મહેન્દ્રસિંગે રૂ. ૬૪.૯૦ લાખનું ક્વોટેશન આપ્યું હતું. આ ક્વોટેશનના આધારે મહેશ દેવાણીએ બેંકમાંથી રૂ. ૪૮.૫૦ લાખની લોન મંજૂર કરાવી આપી હતી અને લોનની રકમનો ડીડી અમૃતા ઇન્ડસ્ટ્રીઝના નામે જમા કરાવ્યો હતો. ત્યારે બાકીનો ડિફરન્સ ભરવાના નામે જીતેન્દ્રભાઇ પાસેથી રૂ. ૧૬.૪૦ લાખ ઓનલાઇન ટ્રાન્સફર કરાવી કુલ રૂ. ૬૪.૯૦ લાખ મેળવી લીધા હતા.



આ પૈસા મળી ગયા બાદ પણ આરોપીઓએ મશીનરીની ડિલિવરી આપી ન હતી અને અઠવાડિયામાં મશીન આવી જશે તેવા બહાના બતાવ્યા હતા. બાદમાં જીતેન્દ્રભાઈ અમૃતા ઇન્ડસ્ટ્રીઝ ખાતે તપાસ કરવા જતાં શેડ બંધ હાલતમાં મળી આવ્યો હતો. ઉઘરાણી કરતા આરોપીઓએ રૂ. ૬ લાખ પરત આપ્યા હતા. પરંતુ બાકીના રૂ. ૫૮.૯૦ લાખ પરત ન આપી ફોન ઉપાડવાના કે મળવાનું બંધ કરી દીધું હતું. જેથી બને ગઠિયાએ વેપારી સાથે છેતરપીંડી કરી હતી. આ અંગે જીતેન્દ્રકુમારે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં બંને ગઠિયા સામે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે તપાસ શૂ કરી હતી.

બીજી ઘટના જોઇએ તો ઓઢવ વિસ્તારમાં બનવા પામેલી એક ગંભીર ઘટનામાં, માનસિક ત્રાસથી કંટાળીને ઈન્કમ ટેક્સ વિભાગમાં નોકરી કરતી જયાબેન સોલંકીએ વર્ષ ૨૦૨૨માં આપઘાત કર્યો હતો. આ અંગે ઓઢવ પોલીસે પતિ ચિરાગ બાબુભાઈ શાહ સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી ધરપકડ કરી હતી. હાલ આ કેસ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલી રહ્યો છે અને પતિ જામીન પર મુક્ત થયો હતો. જયાબેને લગ્ન પહેલાંથી જ પોતાની બચતમાંથી એંજલ વનમાં ડીમેટ એકાઉન્ટ ખોલાવ્યું હતું, જેમાં અલગ-અલગ કંપનીના શેર તથા એસઆઈપી હતા. આ ખાતામાં કોઈ નોમિની ન હતું, જ્યારે તેમના એસબીઆઇ બેંક ખાતામાં તેમના માતા શીલાબેન નોમિની હતા.

આ દરમિયાન જામીન પર મુક્ત થયેલા પતિ ચિરાગે પત્નીના મૃત્યુ બાદ ગેરકાયદેસર રીતે તેમનું જૂનું સીમકાર્ડ પોતાના નામે કરાવી લીધું હતું. ત્યારબાદ બે મનિા દરમિયાન ડીમેટ એકાઉન્ટનો ઉપયોગ કરીને સાચા હકદારોની જાણ બહાર રૂ. ૩.૭૦ લાખના શેર અને એસઆઈપી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ બાબતની જાણ થતાં મૃતકના માતા શીલાબેને ઓઢવ પોલીસ સ્ટેશનમાં જમાઈ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ એક ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

ગુજરાતમાં આગામી વર્ષે યોજાનારી મહત્ત્વપૂર્ણ ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષો તૈયારીમાં

ચૂંટણીલક્ષી રણનીતિ-સંગઠન સમીક્ષાનો ધમધમાટ

રાજકોટમાં કોંગ્રેસની મહત્ત્વપૂર્ણ બેઠક : ગુજરાત કોંગ્રેસના પ્રભારી રણદીપ સુરજેવાલા, સહપ્રભારી દેવેન્દ્ર યાદવ, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષી નેતા તુષાર ચૌધરી અને વરિષ્ઠ નેતા પરેશ ધાનાણી સહિતના આગેવાનો હાજર રહેશે

રાજકોટ, તા. ૨૧

ગુજરાતમાં આગામી વર્ષે યોજાનારી મહત્ત્વપૂર્ણ ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષોએ અત્યારથી જ પોતાની તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દીધો છે. ત્યારે મુખ્ય વિપક્ષી પક્ષ કોંગ્રેસ દ્વારા હવે ચૂંટણીલક્ષી નક્કર રણનીતિ ઘડવાની દિશામાં મોટું પગલું ભરવામાં આવ્યું છે. આ જ ક્રમમાં આવતીકાલે રાજકોટ ખાતે કોંગ્રેસ દ્વારા સૌરાષ્ટ્ર ઝોનની એક અત્યંત મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠક બોલાવવામાં આવી છે, જેમાં પક્ષના પ્રવર્તમાન સંગઠન અને આગામી કાર્યક્રમોનું વિસ્તૃત ચિત્ર સ્પષ્ટ કરવામાં આવશે.

કોંગ્રેસ દ્વારા આયોજિત આ સૌરાષ્ટ્ર ઝોનની બેઠક ગુજરાત પ્રદેશના પ્રભારી રણદીપ સુરજેવાલાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાવાની છે. તેમની સાથે સૌરાષ્ટ્રનો હવાલો સંભાળતા સહપ્રભારી દેવેન્દ્ર યાદવ, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભાના વિપક્ષી નેતા તુષાર ચૌધરી તેમજ વરિષ્ઠ નેતા પરેશ ધાનાણી સહિતના ટોચના આગેવાનો પણ ઉપસ્થિત રહીને સંગઠનની સ્થિતિ અંગે મંથન કરશે.

પક્ષના સૂત્રો તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, આવતીકાલે સવારે બરાબર ૧૦ વાગ્યે રાજકોટના જાણીતા હેમુ ગઢવી હોલ ખાતે આ બેઠક શરૂ થશે. આ બેઠકમાં માત્ર ઉચ્ચ હોદ્દેદારો જ નહીં, પરંતુ સૌરાષ્ટ્રભરના તમામ શહેર-જિલ્લા પ્રમુખો, તાલુકા પ્રમુખો, પંચાયત સભ્યો તથા પાર્ટીના વરિષ્ઠ આગેવાનોને અચૂક હાજરી આપવા માટે આદેશ કરવામાં આવ્યો છે. બેઠકનો મુખ્ય એજન્ડા સૌરાષ્ટ્રમાં સંગઠનની વર્તમાન સ્થિતિ, પાર્ટીના આગામી કાર્યક્રમો અને પ્રવર્તમાન રાજકીય પરિસ્થિતિની સમીક્ષા કરવાનો રહેશે.



અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીની સ્પષ્ટ સૂચનાના પગલે કોંગ્રેસ દ્વારા સભ્ય નોંધણી સહિતના મહત્ત્વના સંગઠનાત્મક કાર્યક્રમોનું એલાન કરવામાં આવ્યું હતું. તમામ હોદ્દેદારોને સમયબદ્ધ અને આયોજનપૂર્વક પોતાની જવાબદારીઓ પૂરી કરવા તાકીદ કરાઈ હતી. આ સમગ્ર કામગીરીની અગાઉ એકથી વધુ વખત સમીક્ષા પણ કરવામાં આવી હતી. તે સમયે નબળું પર્ફોર્મન્સ ધરાવતા અર્ધોડઝન જેટલા શહેર અને જિલ્લા પ્રમુખોને બદલીને નવી નિયુક્તિઓ કરવાની ગંભીર વિચારણા પણ હાથ ધરવામાં આવી હતી, જો કે આખરે કોઈ ફેરફાર કરાયો ન હતો. હવે આવતીકાલની આ બેઠકમાં પ્રભારી દ્વારા તમામ સંગઠન હોદ્દેદારો અને આગેવાનોને જૂદવાડા કે અસંતોષને બાજુ પર રાખીને પ્રત્યક્ષ ચૂંટણી તૈયારીઓમાં કામે લાગી જવાનું સ્પષ્ટ આહવાન કરવામાં આવશે.

કોંગ્રેસના જ કેટલાક સ્થાનિક નેતાઓના જણાવ્યા અનુસાર, પક્ષનો આવતીકાલનો મૂળ અને મુખ્ય કાર્યક્રમ મોરબી ખાતે ખેડૂત જનાક્રોશ સભા યોજવાનો છે. આવતીકાલે સાંજના સમયે મોરબીમાં આ વિશાળ સભા યોજાનાર છે, જેમાં રણદીપ સુરજેવાલા સહિતના દિગ્ગજ રાષ્ટ્રીય તથા પ્રદેશ નેતાઓ ખાસ હાજરી આપવાના છે. સાંજના આ મોટા કાર્યક્રમમાં જોડાવા માટે જ રણદીપ સુરજેવાલા અને અન્ય નેતાઓ આવી રહ્યા છે, ત્યારે તેનો લાભ લઈને સવારના ભાગમાં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝોનની આ ચૂંટણીલક્ષી સમીક્ષા બેઠકનું આયોજન ગોઠવવામાં આવ્યું છે. આ બેઠક દ્વારા કોંગ્રેસ સૌરાષ્ટ્ર અંચલમાં પોતાની પકડ વધુ મજબૂત કરવા અને આગામી રાજકીય લડાઈ માટે કેડરને તૈયાર કરવા માટે પૂરી તાકાત લગાવી રહી છે.

મનપામાં ટેક્સના નાણાંનો વેડફાટ?

સાંસ્કૃતિક ઈવેન્ટ્સના નામે બે વર્ષમાં ૧૯ કરોડ સ્વાહા, વિવાદ વધતાં તંત્રનો લૂલો બચાવ



રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાનગરપાલિકામાં પ્રજાના પરસેવાની કમાણીમાંથી ચૂકવાતા વેરાના નાણાંનો કેવો આડેધડ વેડફાટ થઈ રહ્યો છે તેનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સપાટી પર આવ્યો છે. જંગલેશ્વર વિસ્તારમાં હાથ ધરાયેલી ડિમોલિશન કામગીરી દરમિયાન અધિકારીઓ અને સ્ટાફના નાસ્તા પાછળ મંજૂર કરાયેલું રૂ. ૨૭ લાખનું ચર્ચાસ્પદ ફૂડ બિલ ફગાવી દઈને તપાસ કમિટી નીમવામાં આવી છે, ત્યાં જ મનપાના પદાધિકારીઓ અને અમલદારોની મોજશોખ તથા તહેવારો-કાર્યક્રમો પાછળ કરાયેલા બેફામ ખર્ચની વિગતો બહાર આવતાં મોટો વિવાદ સર્જાયો છે.

છેલ્લા ચોવીસ મહિનાના સમયગાળા દરમિયાન વિવિધ કાર્યક્રમો અને ઉત્સવો ઉજવવાના બહાને મહાપાલિકાના સાંસ્કૃતિક વિકાસ વિભાગે રૂ. ૧૯.૪૧ કરોડનો અધધધ ધુમાડો કરી નાખ્યો હોવાનું ખુદ તંત્ર દ્વારા શાસકો અને વિપક્ષ સામે સ્વીકારવામાં આવ્યું છે.

સામાન્ય સભા દરમિયાન વોર્ડ નંબર ૧૫ના કોંગ્રેસી કોર્પોરેટર સુધાબા રામદેવસિંહ વાઘેલા દ્વારા પૂછવામાં આવેલા એક તીખા પ્રશ્નના લેખિત જવાબમાં તંત્રની આ ખુલ્લી નાણાકીય બેદરકારી છતી થઈ છે. ૧ ઓક્ટોબર ૨૦૨૪થી શરૂ કરીને ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ સુધીના સમયગાળાની આપેલી વિગતો અનુસાર, સાંસ્કૃતિક વિભાગે ૮૯ જેટલા નાના-મોટા સરકારી તથા રાજકીય કાર્યક્રમો પાછળ રૂ. ૧૭.૫૭ કરોડ અને વિભાગના સ્ટાફના પગાર પેટે રૂ. ૧.૮૩ કરોડ મળીને કુલ રૂ. ૧૯,૪૧,૪૫,૩૧૭નો ખર્ચ કરી નાખ્યો છે.

સૌથી વધુ ગંભીર બાબત તો એ સામે આવી છે કે, આટલી બધી મોટી રકમ વાપરી નાખ્યા છતાં તેમાંથી મોટા ભાગના ખર્ચ માટે મહાનગરપાલિકાની સર્વોચ્ચ એવી સામાન્ય સભાની કોઈ જ પૂર્વમંજૂરી કે મંજૂરી લેવામાં આવી નહોતી. રૂ. ૧૯.૪૧ કરોડમાંથી માત્ર રૂ. ૨.૬૫ કરોડના જ ખર્ચાઓ એવા હતા જેને સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરીને મંજૂર કરાવવામાં આવ્યા હતા, જ્યારે બાકીનો તમામ કરોડોનો ખર્ચ નિયમોને કોરાણે મૂકીને કરી દેવાયો છે.

મહાપાલિકામાં દાયકાઓથી ચાલી આવતી ''ઈમરજન્સી'' અથવા તો ''તત્કાલ'' ઓર્ડર આપવાની રીતરસમના કારણે આ પ્રકારની નાણાકીય અરાજકતા વ્યાપી છે. શેરી-મોહલ્લામાં કરાતા ખાતમુહૂર્ત અને લોકાર્પણના નાના પ્રોગ્રામોથી માંડીને ગાંધીનગર કે દિલ્હીથી આવતા વીવીઆઈપી નેતાઓના સ્વાગત-સમારંભો સુધીના તમામ પ્રસંગોએ ટેન્ડર પ્રક્રિયા હાથ ધર્યા વગર જ લાખો-કરોડોના ઓર્ડરો આપી દેવાય છે. શાસક પક્ષના રાજકીય આકાઓ તરફથી અચાનક મળતી સૂચનાઓના આધારે અધિકારીઓ પણ નિયમોને બાજુ પર મૂકીને 'રેટ કોન્ટ્રાક્ટ'ના નામે તત્કાલ ખર્ચાઓ મંજૂર કરી દેતા હોય છે.

જોકે, તાજેતરમાં જંગલેશ્વર ડિમોલિશનના ખાણી-પીણીના બિલમાં થયેલી ભારે ધાંધલ-ધમાલ અને ત્યારબાદ રચાયેલી તપાસ સમિતિના કારણે હવે અધિકારીઓના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. બિનસત્તાવાર રીતે આડેધડ કરાતા ખર્ચાઓમાં કાલે ઉઠીને પોતાની સામે તપાસ આવે તેવા ડરથી હવે અમલદારોએ વલણ બદલ્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓથી અનધિકૃત રીતે યોજાતા કાર્યક્રમો પર લગામ લગાવવામાં આવી છે અને ભવિષ્યમાં કોઈપણ કાર્યક્રમ યોજતા પહેલા પ્રોપર ટેન્ડર બહાર પાડીને જ એજન્સી નક્કી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી નિયમોનું પાલન થાય અને અધિકારીઓ ફસાઈ જતાં બચે.

PGVCLના ઉચ્ચ અધિકારીઓને તાકીદે ગાંધીનગર બોલાવ્યા : ગામડાઓમાં કપાત શરૂ થતાં સરકાર હરકતમાં

કોલસાની અછત-બળબળતા તાપ વચ્ચે વીજ સંકટનો ખતરો

રાજકોટ, તા. ૨૧.

દેશના એકાદ ડઝન રાજ્યો સહિત ગુજરાતમાં પણ આગામી દિવસોમાં ગંભીર વીજ કટોકટી સર્જાય તેવી વકી દેખાઈ રહી છે. એક તરફ થર્મલ પાવર પ્લાન્ટ્સ માટે જરૂરી કોલસાની ભારે અછત પ્રવર્તી રહી છે અને બીજી તરફ હાઈડ્રો પાવર (જળ વિદ્યુત) ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આ બેવડા ફટકા વચ્ચે અચાનક બદલાયેલા વાતાવરણ અને અકાળે વ્યાપેલા ઉનાળા જેવા બળબળતા તાપના કારણે વીજળીની માગમાં અભૂતપૂર્વ ઉછાળો આવ્યો છે. પુરવઠા સામે માગનું પલ્લું ભારે થતાં જ સમગ્ર ઊર્જા તંત્ર હરકતમાં આવી ગયું છે અને સરકારે પરિસ્થિતિને અંકુશમાં લેવા તાત્કાલિક ધોરણે ઇમરજન્સી એક્શન પ્લાન ઘડી કાઢવાની કવાયત હાથ ધરી છે. આ સંકટને પહોંચી વળવા અને યોગ્ય વ્યૂહરચના ઘડવા માટે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (ડબ્લ્યુજીઈસી)ના મેનેજિંગ ડિરેક્ટર તથા ચીફ એન્જિનિયર સહિતના તમામ સીનિયર અધિકારીઓને રાજ્ય સરકાર તરફથી તાકીદનું તેડું મોકલવામાં આવતાં તેઓ ગાંધીનગર દોડી ગયા છે.

માહિતગાર વર્તુળો પાસેથી મળતી વિગતો મુજબ, રાજ્યમાં સતત વધી રહેલી વીજ ખેંચ વચ્ચે પાવર સપ્લાય કઈ રીતે સુચારુ રાખવો અથવા તો તેને કઈ રીતે નિયંત્રિત કરવો (રેશનિંગ કરવું) તે



અંગેની ગંભીર સમીક્ષા કરવા માટે આ ઉચ્ચસ્તરીય બેઠક બોલાવવામાં આવી છે. હાલમાં સમગ્ર ગુજરાતમાં વીજળીનો દૈનિક વપરાશ ૨૯,૦૦૦ મેગાવોટથી પણ વધુની ઐતિહાસિક અને રેકોર્ડબ્રેક સપાટીએ પહોંચી ગયો છે. ચાલુ વર્ષે વરસાદનું પ્રમાણ ઘટતાં જમીનમાં ભેજનું પ્રમાણ ઘટ્યું છે, જેના કારણે ઊભા પાકને બચાવવા અને ખાસ કરીને શિયાળુ વાવણી માટે ખેડૂતોને સિંચાઈ અર્થે વિપુલ પ્રમાણમાં વીજળીની જરૂર પડી રહી છે. હાલ માત્ર કૃષિ ક્ષેત્ર જ અંદાજે ૧૪,૦૦૦ મેગાવોટ જેટલી જંગી વીજળી ખેંચી રહ્યું છે. આ ઉપરાંત, તાપમાનનો પારો ઊંચે જતાં રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારોમાં એર કંડિશનર તથા પંખાનો વપરાશ બેફામ વધતાં વીજળીની માગમાં બળતામાં ઘી હોમાયું છે.

વિશેષ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં કૃષિ ક્ષેત્રનું પ્રમાણ ખૂબ મોટું હોવાથી અને ત્યાં ખેતી વિજ જોડાણોની સંખ્યા સૌથી વધુ હોવાના કારણે સમગ્ર ડબ્લ્યુજીઈસી ઝોન પર દબાણ વધી ગયું છે. આ સંજોગોમાં ખેડૂતોને પાક માટે જરૂરી વીજળી પણ મળી રહે અને સિસ્ટમ પણ ધ્વસ્ત ન થાય તે રીતે સપ્લાયનું મેનેજમેન્ટ કેવી રીતે કરવું, તે મુદ્દો ગાંધીનગરની બેઠકનો મુખ્ય એજન્ડા માનવામાં આવે છે. સ્થિતિની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે રાજ્યમાં ૨૪ કલાક સાતત્યપૂર્ણ વીજળી આપતી 'જ્યોતિગ્રામ યોજના' હેઠળ પણ ગ્રામીણ વિસ્તારોમાં પ્રતિદિન ૧ કલાક સુધીનો અનિવાર્ય વીજકાપ લાદવાની નોબત આવી છે. ગામડાઓમાં વીજળીના ધાંધિયા અને વારંવાર ટ્રિપિંગની ફરિયાદોમાં મોટો ઉછાળો આવ્યો છે, જેને પગલે ગ્રામીણ અસંતોષ ન ફેલાય તે માટે સપ્લાયનું નવેસરથી કડક આયોજન ઘડી કાઢવા સીનિયર અધિકારીઓને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

મહાપાલિકામાં 'ટેકનો-ક્રાંતિ'

કમિશનરની સ્ક્રીન પર રેડ સિગ્નલ ઝબકશે, કામચોર અધિકારીઓ પર કસાશે ડિજિટલ શિકંજો

રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના સામાન્ય અને નાના કામોથી લઈને મોટા વિરાટ પ્રોજેક્ટ્સની પ્રગતિ પર સીધી નજર રાખવા અને કામગીરીને વધુ ઝડપી, પારદર્શક તથા પરિણામલક્ષી બનાવવા માટે એક અભૂતપૂર્વ આધુનિક ટેકનોલોજી આધારિત વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી રહી છે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાના વડપણ હેઠળ 'પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ' (PMU) ની રચના કર્યા બાદ હવે દૈનિક રિપોર્ટિંગ સિસ્ટમ સાથેના ખાસ સોફ્ટવેર અને ડેશબોર્ડનું લોન્ચિંગ થવા જઈ રહ્યું છે. કમિશનરે તાજેતરમાં યોજાયેલી જનરલ બોર્ડની બેઠકમાં ચૂંટાયેલી બોડીને આ સમગ્ર ડિજિટલ સિસ્ટમ અને તેનાથી થનારા ફાયદાઓ વિશે વિગતવાર માહિતગાર કર્યા હતા.

આ નવી વ્યવસ્થાની સૌથી મોટી વિશેષતા એ છે કે હવે ચૂંટાયેલા કોર્પોરેટરો પોતાના જ વિસ્તારમાં ચાલતા વિકાસકામો, નાગરિક સુવિધાઓ અને અન્ય પ્રોજેક્ટ્સની સ્થિતિ પોતાના મોબાઈલ ફોનમાંથી જ રિયલ-ટાઈમમાં જોઈ શકશે. સાથે જ મનપાના અધિકારીઓ માટે ફિલ્ડમાં જવું ફરજિયાત બની જશે. એન્જિનિયરો ક્યારે વોર્ડમાં વિઝિટ કરવા ગયા, ત્યાં શું કામગીરી કરાવવામાં આવી અને કઈ ફાઈલ ઉપર ફોરવર્ડ કરવામાં આવી - આ તમામ બાબતોનો ડિજિટલ ડેટા સિસ્ટમમાં સ્ટોર થશે. ઝોનના વડા, ડેપ્યુટી કમિશનર, સિટી એન્જિનિયર અને કમિશનર સુધી આ સમગ્ર વિગતો રિયલ-ટાઈમમાં પહોંચશે. જો આ પૂરી ચેનલમાં કોઈપણ અધિકારી દ્વારા કામમાં વિલંબ કરવામાં આવશે અથવા ફાઈલ અટકાવી રાખવામાં આવશે, તો કમિશનરના ડેશબોર્ડ પર તુરંત 'રેડ સિગ્નલ' દેખાવા લાગશે, જેનાથી જવાબદાર અધિકારીની બેદરકારી તુરંત પકડાઈ જશે.

ઉલ્લેખનીય છે કે, 'શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫' અંતર્ગત વિવિધ ટેકનિકલ પ્રોજેક્ટોમાં ગતિ લાવવા



અને સરકાર તરફથી મળતી કરોડો રૂપિયાની ગ્રાન્ટનો યોગ્ય તથા સમયસર ઉપયોગ થાય તે હેતુથી ડબ્લ્યુઝ ની રચના કરવામાં આવી હતી. આ યુનિટમાં વિદેશમાં પણ ટેકનિકલ કામનો અનુભવ ધરાવતા નિષ્ણાત ઈજનેરો સહિત ૧૧ માસના કરાર આધારિત ફિલ્ડ એન્જિનિયરોની નિમણૂક કરવામાં આવી છે. આ યુનિટ કઈ હદે એક્શન મોડમાં છે તેનો પુરાવો તાજેતરમાં જ જોવા મળ્યો હતો, જ્યારે નવા રિંગ રોડ પર બ્રિજના કામમાં ક્ષતિ સામે આવતા ડબ્લ્યુઝ ના તપાસ રિપોર્ટના આધારે બે ઈજનેરોને તુરંત અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

હાલ રાજકોટમાં ગત વર્ષે રેકોર્ડબ્રેક ૩૪૪ કિલોમીટરના રોડ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત કટારિયા ચોક ખાતે ₹૧૬૭ કરોડના વિરાટ ખર્ચે ઓવરબ્રિજ અને અંડરબ્રિજનું કામ ચાલી રહ્યું છે. બીજી તરફ લાયન સફારી પાર્ક, લાલપરી તળાવનો વિકાસ, રેસકોર્સ આકર્ષણો, નવા માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ તેમજ વિવિધ આરોગ્ય કેન્દ્રો અને ફાયર સ્ટેશનોના કામો પણ પ્રગતિ હેઠળ છે. રાજ્યના મુખ્યમંત્રી પણ અવારનવાર વિકાસકામોની ગુણવત્તા (ક્વોલિટી) પર વિશેષ ભાર મૂકતા હોવાથી, તમામ કામો ખાતમુહૂર્તથી લઈને લોકાર્પણ સુધી ગુણવત્તાયુક્ત અને સમયમર્યાદામાં પૂરા થાય તે માટે ડબ્લ્યુઝ ના આધુનિક વોર રૂમમાંથી સતત દેખરેખ રખાશે.

આ મોનિટરિંગ વોર રૂમમાંથી જ ડિજિટલ ડોક્યુમેન્ટેશન, સાઈટ વિઝિટ ટ્રેકિંગ, નવા પ્રોજેક્ટના DPR (ડીટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ) અને રોજિંદા કામોના ફોટો-વિડીયો અપલોડ થશે. સાઈટ પર એજન્સીના મજૂરોની દૈનિક હાજરી પણ ટ્રેક કરવામાં આવશે. આ સમગ્ર લાઈફ સાયકલ ટ્રેકિંગ સિસ્ટમથી કામોમાં થતો બિનજરૂરી વિલંબ દૂર થશે અને રાજકોટના નાગરિકોને સુવ્યવસ્થિત, મજબૂત અને ટેકનિકલી ક્ષતિરહિત માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત થશે.